RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
*Volume : 8 * Issue No. 317* Date: 14.09.2022, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ગુજરાતમાં જેટલા પેપર ફૂટ્યા છે તેના આરોપીઓને જેલભેગા કરીશું,

# ગુજરાતની જનતાને ભ્રષ્ટાચાર મુક્ત શાસનની ગેરેન્ટીઃ કેજરીવાલ

અમદાવાદ,તા.૧૩

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ગુજરાત પ્રવાસનો આજે ત્રીજો દિવસ છે. ત્યારે તેમણે ગુજરાતની જનતા માટે વધુ એક ગેરંટીની જાહેરાત કરશે. કેજરીવાલે આજે નેતાઓ અને કાર્યકરો સાથે ચર્ચા કરી હતી. સાથે જ છઇછઁમાં જોડાનાર નેતાઓ અને કાર્યકરોને આવકાર્યા હતા. ત્યારે કાર્યક્રમમાં તેમણે ગુજરાતની જનતા માટે વધુ એક ગેરેન્ટી આપી કે, ગુજરાતમાં આપની સરકાર બનશે તો ભ્રષ્ટાચાર અને ભયમુક્ત શાસન આપીશું.

કેજરીવાલે સંબોધનમાં ગુજરાતમાં ભ્રષ્ટાચાર વિશે કહ્યું કે, ગુજરાતમાં ચારેતરફ ભ્રષ્ટ્રાચાર છે. કોઇ પણ કામ કરાવવું હોય તો રૂપિયા આપવા પડે છે. નીચેથી લઇ ઉપર સુધી ભ્રષ્ટ્રાચાર છે. એમના વિશે કંઇ બોલો તો તેઓ ધમકાવવા પહોંચી જાય છે. તેથી અમે ગેરંટી આપીએ છીએ કે ગુજરાતમાં આપની સરકાર બનશે તો ભ્રષ્ટાચાર અને ભયમુક્ત શાસન આપીશું. અમારા મુખ્યમંત્રી, મંત્રી, કે કોઇ અધિકારી ભ્રષ્ટાચાર નહિ કરે. જો કોઇ કરશે તો સીધા જેલ ભેગા થશે. ભાજપે આજ સુધી તેના કોઇ મંત્રીને જેલ મોકલ્યો નથી.

આ ઉપરાંત કેજરીવાલે કહ્યું કે, સરકારના એક-એક પૈસાનો ઉપયોગ અમે પ્રજા માટે કરીશું. ગુજરાતના રૂપિયા સ્વીસ બેંકમાં નહી જાય.

સરકારના પ્રજાના રૂપિયાનો ઉપયોગ ઉદ્યોગપતિઓ માટે નહી થાય. એવી વ્યવસ્થા ઉભી કરીશું કે કોઇએ સરકારી ઓફિસ નહી જવું પડે. અધિકારી તમારા ઘરે આવશે અને તમારું કામ થશે. દિલ્હી અને પંજાબમાં જે લાગુ પાડ્યું એ ગુજરાતમાં કરીશું. ગુજરાતમાં ચાલતા કાળા કામ બંધ કરવામાં આવશે. મંત્રી, ધારાસભ્યો અને અધિકારીઓના કાળા ધંધા બંધ કરીશું. ૧૦ વર્ષમાં જેટલા પેપર ફૂટ્યા છે તમામના માસ્ટર માઇન્ડ અને સરકારમાં બેઠેલા મળતીયાઓને જેલમાં નાંખીશું. વર્તમાન સરકારમાં જેટલા કૌભાંડ થયા તે તમામની તપાસ થશે અને તમામ પાસેથી રૂપિયા રીકવર કરવામાં આવશે.

ગઈકાલે સુરક્ષાના કારણોસર દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલને રીક્ષામાં જતા અટકાવાયા હતા. ત્યારે આ મુદ્દે કેજરીવાલે જણાવ્યું કે, આ ચૂંટણી બાદ ગુજરાતમાંથી ભાજપ જઇ રહી છે અને આમ આદમી આવી રહી છે. પોલીસ મને સુરક્ષા નહોતી આપતી. તેમનો ઈરાદો મને સુરક્ષા આપવાનો ન હતો. પરંતુ મને પ્રજા વચ્ચે જતા અટકાવવાનો હતો. શુ કોઇ મુખ્યમંત્રી રીક્ષામાં ન જઇ શકે? પોલીસ મને રીક્ષામાં સુરક્ષા ન આપી શકે.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે હું કેટલાક મહિનાઓથી ગુજરાતમાં ફરી રહ્યો છું અને લોકોને મળી રહ્યો છું, ખેડૂતો, વકીલો, રિક્ષાચાલકોને મળું છું. ગુજરાતમાં એટલો ભ્રષ્ટાચાર છે કે કોઈપણ સરકારી કામ માટે પૈસા આપવા પડે છે.

જો તેમની સામે બોલો તો ધમકાવે છે. દરોડા અને ધંધા બંધ કરાવી દેવાની ધમકીઓ આપે છે. આજે અમે ગેરંટી આપીએ છીએ કે આમ આદમી પાર્ટીની સરકાર બનશે તો ભ્રષ્ટાચારમુક્ત અને ભયમુક્ત શાસન આપીશું.

ગુજરાતમાં જેટલા નેતાઓના કાળા ધંધાઓ છે એ બંધ કરાવીશું. ઝેરી દારૂનું વેચાણ પણ બંધ કરાવીશું.

ગુજરાતમાં સૌની યોજનામાં કૌભાંડ થયાં છે અને જેટલાં પણ કૌભાંડ થયાં છે એને ખોલી લોકોના જે પૈસા છે એને રિકવર કરીશું. આમ આદમી પાર્ટી મેઘા પાટકરને પાછળથી મુખ્યમંત્રી બનાવવા માટેના ભાજપના આરોપનો જવાબ આપતાં અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે ભાજપ મોદીની જગ્યાએ પાછળથી સોનિયા ગાંધીને પ્રધાનમંત્રી બનાવવા માગે છે. ગુજરાત પોલીસને અપીલ છે કે ગુજરાત પોલીસને અન્યાય થયો છે.



હું ગુજરાત પોલીસ સાથે છું. અમે ગેરંટી આપીએ છીએ. ગુજરાત પોલીસને કહું છું ખોટા ઓર્ડર સાંભળવાના બંધ કરો અને વિરોધ કરો. અમે નહીં કરીએ એમ કહી દો. ગુજરાતના ૬ કરોડ લોકો નક્કી કરશે. અહીં સરકાર દિલ્હીથી ચાલે છે. ગુજરાતમાં ૬ કરોડ જનતા કહે એમ કરીશું.

## ગેસ સિલિન્ડરના ભાવમાં મોટો ઘટાડો આવી શકે છે

નવીદિલ્હી,તા.૧૩

છેલ્લા કેટલાક સમયથી રસોઈ ગેસ સિલિન્ડરના ભાવની મોંઘવારી લોકોનું બજેટ વિખેરી રહી છે. જોકે હવે ખુશખબરી મળી રહી છે કે સરકાર એલપીજી સિલિન્ડરના ભાવ ઘટાડા માટે મોટું પગલું ઉઠાવી શકે છે. સૂત્રો અનુસાર સરકાર આ માટે વધારાની સબસિડી જાહેર કરી શકે છે. આ માટે ઓઈલ કંપનીઓને આપવામાં આવતી સબસિડીની રકમ ૨૫,૦૦૦-૩૦,૦૦૦ કરોડ રૂપિયાની વચ્ચે હોઈ શકે છે. અંદાજિત રકમ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના બજેટમાં ફાળવવામાં આવેલી રૂ. ૫૮,૦૧૨ કરોડની એલપીજી સબસિડીથી અલગ હશે.

સૂત્રોએ જણાવ્યું છે કે સરકાર વધારાની સબસિડી આપવા પર ગંભીરતાથી વિચાર કરી રહી છે. વધારાની સબસિડી કેન્દ્રની ઉજ્જવલા યોજના માટે બજેટમાં પહેલેથી ફાળવવામાં આવેલી સબસિડી કરતાં અલગ હશે. સરકારી તેલ કંપનીઓએ તાજેતરમાં ૧૯.૨ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૯૧.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડરનો ઘટાડો કર્યો હતો. કિંમતમાં ઘટાડા બાદ દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરનો દર ૧,૯૭૬ રૂપિયાથી ઘટીને ૧,૮૮૫ રૂપિયા થઈ ગયો છે.

૧૪.૨ કિલોના ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતો સતત વધી રહી છે. ઘરેલુ સિલિન્ડરના દરમાં વધારાની અસર સામાન્ય માણસના ખિસ્સા પર ઘણી વધારે પડી છે.

## બંગાળમાં બબાલ, મમતા વિરુદ્ધ ભાજપનું પ્રદર્શન હિંસક

કોલકત્તા,તા.૧૩

પશ્ચિમ બંગાળમાં મમતા સરકાર વિરુદ્ધ સચિવાલય ચલોનો નારો આપનારી ભારતીય જનતા પાર્ટીએ રાજધાની કોલકત્તામાં જોરદાર પ્રદર્શન કર્યા છે. કોલકત્તામાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ ઉમટી પડ્યા હતાં અને પોલીસે તેમને સચિવાલય જતા રોકવા માટે બેરિકેડિંગ કર્યું હતું તેનો વિરોધ કરતા ભાજપના કાર્યકર્તાઓ ઉગ્ર થઈ ગયા અને અંતમાં મામલો પથ્થરમારા સુધી પહોંચી ગયો. બડા બાજાર પોલીસ સ્ટેશનમાં પોલીસની ગાડીને પણ આગના હવાલે કરી દેવામાં આવી હતી તેના જવાબમાં પોલીસે ટિયર ગેસના સેલ અને પાણીનો મારો ચલાવ્યો હતો. કોલકત્તા સિવાય પણ બંગાળના અન્ય જિલ્લામાં ભાજપ વિરોધ પ્રદર્શન કર્યું છે. મમતા સરકારમાં ભ્રષ્ટાચારનો આરોપ લાગતા ભાજપ રસ્તા પર ઉતર્યું હતું એટલું જ નહીં હજારોની સંખ્યામાં રાજયભરમાંથી કાર્યકર્તાઓ કોલકત્તા પહોંચ્યા હતાં તેવો દાવો કર્યો હતો

પાનાગઢ રેલવે સ્ટેશન પર ૪ ભાજપ કાર્યકર્તાઓની પોલીસે ધરપકડ કરી છે. ભાજપના કાર્યકર્તાઓનો આરોપ છે કે તેને આંદોલન કરતા રોકવામાં આવી રહ્યાં છે. ભાજપના નાબન્ના માર્ચ માટે નિકળેલા કાર્યકર્તાઓની પોલીસે અટકાયત કરી હતી. ખુદ શુભેંદુ અધિકારી પણ પોલીસ કસ્ટડીમાં છે. પોલીસે રેલવે સ્ટેશનો બહાર પણ બેરિકેડિંગ કર્યું છે, જેથી કોલકત્તા આવનારા કાર્યકર્તાઓને આગળ વધતા રોકી શકાય. રાનીગંજ રેલવે સ્ટેશન બહાર ભાજપના કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ પણ થયું છે. હાવડામાં પણ માહોલ ગરમ છે અને



ભાજપના કાર્યકર્તાઓએ કેટલાક સ્થળો પર પથ્થરમારો કર્યો છે.

ભાજપ નેતા અભિજીત દત્તાએ કહ્યુ કે પાર્ટીના ૨૦ નેતાઓને દુર્ગાપુર રેલવે સ્ટેશનની પાસે પોલીસે રોક્યા છે. તેમણે કહ્યું કે પોલીસ અમને રોકી રહી છે, પરંતુ અમે અલગ-અલગ રસ્તાનો ઉપયોગ કરી નિકળી રહ્યાં છીએ. ભાજપના પ્રદેશભરના કાર્યકર્તાઓએ કોલકત્તા જવા માટે ૭ ટ્રેનોમાં બુકિંગ કર્યું હતું. નોંધનીય છે કે બંગાળ પોલીસે સોમવારે રાતથી સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી રાખી છે. દરેક ચેક પોસ્ટ પર ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ટીએમસીનું કહેવું છે કે ભાજપે પૈસા આપીને લોકોને કોલકત્તા બોલાવ્યા છે અને વ્યવસ્થા બગાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ વચ્ચે બંગાળ ભાજપે ટ્વીટ કરી કહ્યું- પોલીસની ક્રૂરતાને નજરઅંદાજ કરતા અને પાણીના મારા વચ્ચે ભાજપના કાર્યકર્તાઓ કોલકત્તાના રસ્તા પર ભ્રષ્ટાચાર વિરુદ્ધ ઉભા છે. હાલ પોલીસ અને પ્રદર્શનકારીઓમાંથી કોઈ પાછળ હટવા તૈયાર નથી. પોલીસનો દાવો છે કે કેટલાક લોકોને પથ્થરમારામાં ઈજા થઈ છે. પોલીસે ભાજપના કાર્યકરોને સચિવાલય સુધી પહોંચવા દીધા ન હતા અને તેમને અધવચ્ચે અટકાવ્યા હતા. આ દરમિયાન પોલીસે વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. ભીડને કાબૂમાં લેવા લાઠીચાર્જનો પણ સહારો લીધો હતો. શુભેંદુ અધિકારી, લોકેટ ચેટર્જી સહિત ભાજપના ઘણા નેતાઓ અને કાર્યકરોની અટકાયત કરવામાં આવી છે. ભાજપ કાર્યકર્તાઓએ આરોપ લગાડતા કહ્યું કે મમતા સરકાર ભ્રષ્ટાચારમાં ડૂબેલી છે. આ રેલી તેની વિરુદ્ધ છે ભાજપના અધિકારીએ કહ્યું કે, બંગાળના લોકો મમતા બેનર્જી સાથે નથી, તેથી તે બંગાળમાં ઉત્તર કોરિયા જેવી તાનાશાહી કરી રહી છે. દિલીપ ઘોષે બંગાળ પોલીસ પર તૃણમૂલ કાર્યકર્તાઓની જેમ કામ કરવાનો આરોપ લગાવ્યો છે.અટકાયત દરમિયાન રાનીગંજ અને બોલપુરમાં ભાજપ કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું.ભાજપ કાર્યકર્તાઓએ શાંતિપુરમાં ટ્રેનમાં અર્પિતા અને પાર્થ ચેટર્જીનાં પોસ્ટર લહેરાવ્યાં અને પોસ્ટરમાં ચોર લખેલું હતું.ૅ

પશ્ચિમ બંગાળમાં ૧૪ સપ્ટેમ્બરથી વિધાનસભા સત્ર શરૂ થઈ રહ્યું છે. એવામાં માનવામાં આવી રહ્યું છે કે ભાજપનું આ પ્રદર્શન શક્તિ પ્રદર્શન છે. પ્રદર્શનમાં ભાજપે બંગાળમાં તૃણમૂલ નેતાઓના ભ્રષ્ટાચારને મુદ્દો બનાવ્યો છે. ભ્રષ્ટાચારના આરોપમાં તૃણમૂલના બે કદાવર નેતા પાર્થ ચેટર્જી અને અનુબ્રત મંડલ જેલમાં છે.

## 'હું ક્રિકેટ નહીં જોઉં', કોંગ્રેસના મુસ્લિમ નેતાએ ટીમ ઈન્ડિયાની પસંદગી પર ઉઠાવ્યા સવાલ

કિશનગંજ,તા.૧૩

ટી૨૦ વિશ્વકપમાં ભારતીય ટીમની પસંદગીને કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને કિશનગંજ જિલ્લાના બહાદુરગંજ વિધાનસભાથી પૂર્વ ધારાસભ્ય તૌસીફ આલમે અલગ એંગલ આપ્યો છે. તેમણે પસંદગીકારો પર નારાજગી વ્યક્ત કરતી ટીમની પસંદગીને લઈને સવાલ ઉઠાવ્યા છે. તૌસીફ આલમે ફેસબુક પર લખ્યુ છે કે હું ત્યાં સુધી ક્રિકેટ જોઈશ નહીં, જ્યાં સુધી ભારતીય ટીમમાં નિષ્પક્ષ પસંદગી ન થાય. તેમણે લખ્યું કે સોમવારે ટી૨૦ વિશ્વકપ માટે ઈમ ઈન્ડિયાની પસંદગી થઈ. પસંદગીકારોના નિર્ણયથી હું હેરાન છું. તે આગળ લખે છે કે શમી, સિરાજ, ખલીલ જેવા ખેલાડીઓને બેસાડી દેવા આશ્ચર્ય લાગ્યું. તેમણે ફેસબુક પોસ્ટ પર લખ્યુ કે, ક્રિકેટની દુનિયામાં હું ત્યાં સુધી ક્રિકેટ જોઈશ નહીં, જ્યાં સુધી ઈન્ડિયન ટીમમાં નિષ્પક્ષ સિલેકશન ન થઈ જાય. આજે ટી૨૦ વિશ્વકપના પસંદગીકારોથી હેરાન છું. મોહમ્મદ શમી, સિરાજ, ખલીલ જેવા ખેલાડીઓને બેસાડી દેવા આશ્ચર્ય લાગ્યું. આ ફેસબુક પર લોકો અલગ-અલગ પ્રતિક્રિયા આપી રહ્યાં છે. પોસ્ટની કોમેન્ટમાં ઘણા લોકો નેતાનું સમર્થન કરી રહ્યાં છે. આ પહેલા તેમણે સ્વર કોકિલા ભારતરત્ન સ્વર્ગીય લતા મંગેશકરના નિધન બાદ શ્રદ્ધાંજલિ આપતી એક પોસ્ટ કરી હતી અને લખ્યું હતું- લતા મંગેશકર મુસ્લિમ બની ગયા હતા. આ પોસ્ટ પર પણ ખુબ વિવાદ થયો હતો. તેમણે એક વેબસાઈટ સાથે વાત કરતા કહ્યુ કે, ખોટી પસંદગી થઈ છે. શમી, સિરાજ અને ખલીલની સાથે ઘણા ખેલાડીઓ ટીમ ઈન્ડિયા હોવા જોઈતા હતા. આપણે લોકોને એશિયા કપમાં જે હાર મળી, તેમાંથી શીખવાનું હતું. કારણ કે ટી૨૦ વિશ્વકપ છે અને ભારતની લડાઈ દુનિયા સામે છે. જો ભારતીય ટીમ હારે તો આપણે પણ હારીએ છીએ. અમને લાગ્યું કે ખોટું સિલેક્શન થયું, તેના પર વિચાર થવો જોઈએ. ટી૨૦ વિશ્વકપ માટે ભારતીય ટીમ

ઉલ્લેખનીય છે કે ૧૬ ઓક્ટોબરથી શરૂ થઈ રહેલા આઈસીસી ટી૨૦ વિશ્વકપ માટે ભારતે ટીમ જાહેર કરી દીધી છે. ટી૨૦ વિશ્વકપ માટે ટીમ આ પ્રકારે છે. રોહિત શર્મા (કેપ્ટન), કેએલ રાહુલ (વાઈસ કેપ્ટન), વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, દીપક હુડ્ડા, ઋષભ પંત (વિકેટકીપર), દિનેશ કાર્તિક (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, આર. અશ્વિન, યુઝવેન્દ્ર ચહલ, અક્ષર પટેલ, જસપ્રિત બુમરાહ, ભુવનેશ્વર કુમાર, હર્ષલ પટેલ અને અર્શદીપ સિંહ. રિઝર્વ ખેલાડીઓ- મોહમ્મદ શમી, શ્રેયસ અય્યર, રવિ બિશ્નોઈ, દીપક ચહર.

## તેલંગણાના સિકંદરાબાદમાં ચાર્જિંગ યુનિટમાં આગ લાગતા ૮ લોકો જીવતા ભૂંજાયા

હૈદરાબાદ,તા.૧૩

તેલંગણાના સિકંદરાબાદમાં એક ઈ બાઈક શોરૂમમાં આગ લાગવાથી આઠ લોકોના ભૂંજાઈને મોત નિપજ્યા. જ્યારે અનેક લોકો ઘાયલ થયાના સમાચાર છે. આ ઘટના સોમવાર સાંજની છે. હૈદરાબાદ પોલીસ કમિશનર સીવી આનંદે કહ્યું કે આઠ લોકોના મોતના સમાચાર છે. ઘાયલોને ગાંધી અને યશોદા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે.

ફાયરની બે ગાડીઓ આગ પર કાબૂ મેળવવા માટે ઝઝૂમી રહી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે યુનિટમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી. આગમાં અનેક ઈ બાઈક પણ બળીને ખાખ થઈ ગઈ. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાં મુજબ ગ્રાઉન્ડ ફ્લોર પર શોરૂમમાં આગ લાગ્યા બાદ ઈમારતના ઉપરના માળે આવેલા રૂબી લોજમાં ભારે ધૂમાડો ફેલાઈ ગઓ. ફાયર કર્મીઓએ ૯ લોકોને બચાવવામાં સફળતા મેળવી.

આ ઘટનાથી ઈમારતમાં ખળભળાટ મચી ગયો. કેટલાક મહેમાનોએ કથિત રીતે પોતાને બચાવવા માટે બારીઓમાંથી છલાંગ મારી. રાજ્યના પશુપાલન મંત્રી ટી શ્રીનિવાસ યાદવ ઘટનાસ્થળે પહોંચ્યા અને બચાવ તથા રાહત અભિયાનની નિગરાણી કરી રહ્યા હતા.

ભયાનક અકસ્માત પર પીએમ નરેન્દ્ર મોદીએ દુખ વ્યક્ત કર્યું છે. તેમણે કહ્યું કે તેલંગણાના સિકંદરાબાદમાં આગ લાગવાથી થયેલા મોતથી દુખી છું. શોક સંતપ્ત પરિવારો પ્રત્યે સંવેદના. ઘાયલોના જલદી સાજા થવાની કામના પણ કરી. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે પીએમએનઆરએફમાંથી પ્રત્યેક મૃતકના પરિજનોને બે લાખ રૂપિયા સહાય આપવામાં આવશે અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા વળતર આપવામાં આવશે.

અત્રે જણાવવાનું કે આ ઘટનાએ ખળભળાટ મચાવી દીધો છે. પાસપોર્ટ ઓફિસ પાસે એક ચાર માળની ઈમારતના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા ઈલેક્ટ્રિક વ્હીકલ શોરૂમમાં ઈલેક્ટ્રિક વ્હીકલ્સને ચાર્જ કરવામાં આવી રહ્યા હતા. આ કારણે ત્યાં શોર્ટ સર્કિટ થયું હોવાનું કહેવાય છે અને આગ લાગી. ધીરે ધીરે આખી ઈમારત આગની જ્વાળાઓ અને ધૂમાડામાં લપેટાઈ ગઈ.

ગ્રાઉન્ડ ફ્લોરે ઈલેક્ટ્રિક વ્હિકલનો શોરૂમ અને ઉપરના માળો પર હોટલ અને રેસ્ટોરન્ટ આવેલી છે. હોટલમાં રોકાયેલા લોકો પણ આ દુર્ઘટનાથી ખુબ પ્રભાવિત થયા. અનેક લોકોએ આગથી બચવા માટે ત્રીજા-ચોથા માળેથી છલાંગ લગાવી હોવાનું કહેવાય છે.

## તંત્રી સ્થાનેથી...

# વિવાદી મુલાકાત



કોંગ્રેસની બહુચર્ચિત ભારત જોડો યાત્રા જે રીતે ચોથા દિવસે જ વિવાદોમાં ઘેરાઈ ગઈ, તેના માટે પાર્ટીના નેતા પોતાના સિવાય બીજા કોઈને દોષ ન આપી શકે. સમજવું મુશ્કેલ છે કે રાહુલ ગાંધીએ નફરતી ભાષણો આપવા માટે વગોવાયેલા પાદરી જ્યોર્જ પોન્નૈયા સાથે મુલાકાત કરવાની શી જરૂર હતી? કોંગ્રેસે ભાજપ પર પોતાનો ગુસ્સો કાઢવાને બદલે પોતાના એ નેતાઓ પાસે જવાબ માંગવો જોઈએ, જેમણે રાહુલ ગાંધીની જ્યોર્જ પોન્નૈયા સાથે મુલાકાત કરાવવી જરૂરી માન્યું. તમિલનાડુના જે પણ કોંગ્રેસી નેતાઓને યોગ્ય લાગ્યું કે રાહુલ ગાંધીની જ્યોર્જ પોન્નૈયા સાથે મુલાકાત કરાવવી જોઈએ, વાસ્તવમાં તેઓ જ આ વિવાદ માટે જવાબદાર છે, જે આ મુલાકાત બાદ ઊભો થયો અને જેના પર ભાજપ કોંગ્રેસને ઘેરી રહી છે. કોંગ્રેસના નેતા આ વિવાદથી હાથ ઊંચા કરીને ભાજપને ભાંડી શકે છે અને તેઓ એવું કરી પણ રહ્યા છે, પરંતુ આખરે તેઓ એ તથ્યની અવગણના કેવી રીતે કરી શકે કે જ્યોર્જ પોન્નૈયા નફરતભર્યાં નિવેદનો આપવા માટે કુખ્યાત રહ્યા છે અને તેના માટે તેમની એક વખત ધરપકડ પણ થઈ ચૂકી છે. જ્યોર્જ પોન્નૈયા વડાપ્રધાન અને ગૃહમંત્રી વિરુદ્ધ તો અભદ્ર ટિપ્પણીઓ કરી જ ચૂક્યા છે, તેથી આગળ તેઓ ભારત માતાને બીમારી આપનારી ગણાવી ચૂક્યા છે.

આખરે આવા નફરતી બોલ બોલનારા કોઈ તિકડમબાજ સાથે મુલાકાત કરીને રાહુલ ગાંધી કે પછી તેમના સહયોગીઓ એવો દાવો કેવી રીતે કરી શકે કે તેમની ભારત જોડો યાત્રાનો ઉદ્દેશ્ય કથિત રીતે નફરતના માહોલ સામે લડવાનો છે? સવાલ એ પણ છે કે જે પાદરી ફક્ત પોતાના જ આરાધ્યને અસલી ઈશ્વર માનતા હોય અને બાકી બધાને નકારતા હોય, તે ભારતને જોડવાના અને એકતાનો સંદેશ આપવામાં સહાયક કેવી રીતે બની શકે? ક્યાંક એવું તો નથી કે રાહુલ ગાંધીની જ્યોર્જ પોન્નૈયા સાથે મુલાકાત એટલા માટે જ કરાવવામાં આવી, કારણ કે તે ભાજપી નેતાઓ વિરુદ્ધ ઝેરી નિવેદનો આપતા રહે છે? આ અંદેશાનું કારણ એ છે કે ભારત જોડો યાત્રાથી સામાજિક કાર્યકર્તા અથવા બુદ્ધિજીવીઓ રૂપે અનેક એવા લોકો જોડાયેલા છે, જે ભાજપ અને વિશેષ રૂપે મોદીના અંધવિરોધી તરીકે ઓળખ ધરાવે છે. એમાં શંકા છે કે આવા લોકોને અપનાવીને કોંગ્રેસ આ ઉદ્દેશ્યની પૂર્તિ કરી શકે છે, જેને તે વારંવાર રેખાંકિત કરી રહી છે.

કોંગ્રેસ ભલે એ દાવો કરે કે ભારત જોડો યાત્રાનો ઉદ્દેશ કોઈ રાજકીય લાભ લેવાનો નથી, પરંતુ સત્ય એ જ છે કે નેતાઓની આવી યાત્રાઓનો મકસદ રાજકીય જમીન મજબૂત કરવાનો જ હોય છે. જો રાહુલ ગાંધીએ આ મકસદ હાંસલ કરવો હોય તો તેમણે જ્યોર્જ પોન્નૈયા જેવા લોકોથી અંતર રાખવું જોઈએ, કારણ કે આ કોઈ એવું પ્રકરણ નથી, જેમાં કોઈ વ્યક્તિ કોઈ જાહેર સભા સંમેલનમાં મોટા નેતા સાથે હાથ મિલાવવા અથવા તેની સાથે ફોટો ખેંચાવવામાં સફળ થઈ જાય છે.

# ભક્તિમાં નિયમનું મહત્વ



એક સંત એકવાર એક ખેડૂતના ઘેર જાય છે.ખેડૂત સંતનું ભવ્ય સ્વાગત કરે છે અને ભોજન કરાવે છે. સંતના સંગમાં સાત ડગલાં ચાલીએ અથવા સંત કોઇના ઘરનું ભોજન કરે તો તેના હિતનો વિચાર કરતા હોય છે.સંતે કહ્યું કે તમે દરરોજ ભગવાનનું નામ સુમિરણ કરવાનો નિયમ લો ત્યારે ખેડૂત કહે છે કે બાબા મને તો સમય જ મળતો નથી.સંત કહે છે કે નામ-સુમિરણ માટે સમય ના મળે તો દરરોજ ભગવાનના મંદિરમાં જઇ ભગવાનના દર્શન કરવાનો નિયમ લો ત્યારે ખેડૂત કહે છે કે હું તો ખેતરમાં રહું છું અને ભગવાનનું મંદિર તો ગામમાં છે તો કેવી રીતે દરરોજ ભગવાનના દર્શન કરવા જાઉં ?

સંતે ઘણા સાધન બતાવ્યા પરંતુ ખેડૂત કોઇ નિયમ લેવા તૈયાર થતો નથી ત્યારે સંતે કહ્યું કે તમારે કોઇક તો નિયમ લેવો પડશે જ..! પરંતુ ખેડૂત કહે છે કે મહારાજ તમે બતાવેલ કોઇ સાધન મારાથી બની શકે તેમ નથી.હું ખેતરોમાં કામ કરૂં કે માળા લઇને જપ કરૂં? આટલો સમય મારી પાસે નથી.હું તમારા જેવો બાવો નથી કે એકાંતે બેસીને ભજન કરી શકું.મારે બાળ-બચ્ચાઓનું પાલનપોષણ કરવાનું હોય છે.પશુઓનું પાલન-પોષણ કરવાનું હોય છે,ખેતીવાડી કરવાની હોય છે.ત્યારે સંત કહે છે કે તૂં શું કરી શકે તેમ છે તે મને બતાવ? ત્યારે ખેડૂત કહે છે કે મારી પડોશમાં એક કુંભાર રહે છે અને તે મારો ખાસ મિત્ર છે અને મારા અને તેના ખેતરો પણ નજીક છે.હું દરરોજ તેને જોયા પછી જ ભોજન કરીશ આ નિયમ લઉં છું. ત્યારે સંતે કહ્યું કે ભલે..આજથી તેને જોયા વિના તેના દર્શન કર્યા વિના ભોજન નહી કરવાનો આજથી નિયમ લો.

એક દિવસ ખેડૂતને ખેતરમાં જવાની ઉતાવળ હતી એટલે ભોજન પણ જલ્દીથી બનાવડાવ્યું.ખેડૂતે ઘરની બહારની કંપાઉન્ડવૉલ ઉપર ચઢીને જોયું તો કુંભાર ઘેર દેખાયો નહી.તપાસ કરતાં ખબર પડી કે કુંભાર તો માટી લેવા નજીકના જંગલમાં ગયો છે.ખેડૂત મનોમન ગાળો બોલે છે કે ક્યાં મરી ગયો હશે? કમ-સે-કમ એકવાર તેને જોઇ લીધો હોત તો ભોજન લઇને ખેતરમાં જઇ શકાય.નિયમની પાલના કરવા તે દોડતો જંગતની તરફ દૌટ મુકીને જાય છે.આ બાજુ કુંભારને માટી ખોંદતાં એક તાંબાની હાંડી મળે છે જેની અંદર જાત જાતના રત્નો અને જુના જમાનાના સોનાના સિક્કા ભરેલા હતા.કુંભાર મનમાં વિચાર કરે છે કે જો કોઇ જોઇ જશે તો મુશ્કેલી થશે,આવું વિચારીને તે ખાડામાંથી બહાર આવે છે તે સમયે ખેડૂત દોડતો આવતો દેખાય છે.

ખેડૂતને ખેતરમાં જવાની ઘણી જ ઉતાવળ હોવાથી કુંભારને જોઇને ખેડૂત તરત જ પાછો વળી જાય છે ત્યારે કુંભાર વિચાર કરે છે કે મને જે જાત જાતના રત્નો અને જુના જમાનાના સોનાના સિક્કા ભરેલી હાંડી મળી છે તે ખેડૂતે જોઇ લીધી છે એટલે તે મુસિબત ઉભી કરશે.ખેડૂતને ઉભો રહેવા કુંભાર બૂમો પાડે છે ત્યારે ખેડૂત કહે છે કે બસ જોઇ લીધા..જોઇ લીધા..ત્યારે કુંભાર કહે છે કે ભલે જોઇ લીધુ..તો જે કંઇ મળ્યું છે તેમાંથી અડધુ તારૂં અને અડધું મારૂં..પણ હવે બીજા કોઇને કહેશો નહી.

ખેડૂત ખેતીવાડીનું કામ પરવારી સાંજે ઘેર આવે છે તો તેને કુંભારને માટી ખોંદતાં પડેલ ખાડામાંથી મળેલ ધનમાંથી અડધું ધન મળે છે તે સમયે ખેડૂત વિચાર કરે છે કે સંતના કહ્યા અનુસાર નિયમ લીધો તો આટલો મોટો ફાયદો થયો તો હંમેશાંના માટે સંત સદગુરૂની આજ્ઞાનું પાલન કરૂં તો કેટલો બધો લાભ થાય? આવો વિચાર કરીને ખેડૂત અને તેનો મિત્ર કુંભાર બંન્ને સંતની શરણાગતિ સ્વીકારી ભગવાનના ભક્ત બની ગયા.

કહેવાનો ભાવ એ છે કે જો અમે દ્રઢતાથી એક ઉદ્દેશ્ય બનાવી લઇએ,કોઇ નિયમ ધારણ કરીએ તો તે અમારી ડૂબતી નાવને ભવસાગરથી પાર કરાવી શકે છે,અમારો આલોક અને પરલોક સુધારે છે.

પરમાત્માની સાથે આપણો સબંધ જોડે તેવા સંત મહાપુરૂષોનો સમાગમ જીવનની કાયાપલટ કરી દે છે.આવા સંતોનો સમાગમ ન મળે તો કુસંગ તો ન જ કરવો પરંતુ અસંગ એટલે સંગ વગરના અથવા એકલા રહી પ્રભુ નામ-સુમિરણનો સહારો લેવાથી લાભ થાય છે,સમય તથા શક્તિ બચી જાય છે.સંત થયા વગર સંતને ઓળખી શકતા નથી કે સંત મળતાં નથી,સંત થવા મનને સુધારવાની જરૂર છે,ભક્તિની જરૂર છે.

બાર વર્ષ સુધી સત્કર્મ નિયમથી થાય તો તે સિદ્ધ થાય છે.મનની ચંચળતા ઓછી થાય છે.મન વચન કર્મથી ભજનનો દ્રઢ નિયમ રાખવો,સદગુરૂ,માતા-પિતા,બંધુ,પતિ..એ સર્વેને પ્રભુ પરમાત્માનું રૂપ સમજીને તેમની દ્રઢ સેવા કરવી..આ તમામ પ્રેમ લક્ષણા ભક્તિનાં સાધન છે.

“નિયમથી ભક્તિ કરે તેને ધીરે ધીરે આનંદ મળે છે અને જે આનંદ મળે છે તે પછી ઓછો થતો નથી.”

ભગવાન કહે છે કે તમે એક કામ કરો તો હું તમારૂં રક્ષણ કરીશ.રોજ તમે એક કલાક નિયમપૂર્વક મારાં સેવા સુમિરણ સત્સંગ કરશો તો પછી બાકીના ત્રેવીસ કલાક હું તમારૂં ધ્યાન રાખીશ.

વિનોદભાઇ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ભાગવત રહસ્ય-૧-ભાગવત માહત્મ્ય

પરમાત્મા ના દર્શન કરવાથી માનવ જન્મ સફળ થાય છે.મનુષ્ય જન્મ પ્રભુને પ્રાપ્ત કરવા માટે છે.પ્રભુએ કૃપા કરી માત્ર માનવને જ એક એવી શક્તિ (બુદ્ધિ) આપી છે કે —જો માનવ આ બુદ્ધિનો સદુપયોગ કરી,વિવેકથી (સંયમથી),પવિત્ર જીવન ગાળે તો....મરતાં પહેલા તેને જરૂર પરમાત્મા ના દર્શન થાય...........

માત્ર માનવમાં જ બુદ્ધિ-શક્તિ હોવાથી તે?આત્મ-સ્વરૂપને પરમાત્મ-સ્વરૂપને ઓળખી લઇ,પરમાત્માના દર્શન કરી શકે છે.માનવ ધારે તો પાપ છોડી શકે છે.પણ પશુ પાપ છોડી શકતા નથી.પશુ પાપ કરે છે, પણ તેમને-અજ્ઞાન-હોવાથી,પરમાત્મા તેના પાપ માફ કરે છે.

પશુ-પક્ષીઓ —શરીર તે — હું જ છું,એવું સમજી વ્યવહાર કરે છે,ત્રણ વર્ષ પછી તો તે પોતાના માતપિતાને ભૂલી જાય છે.તે પોતાના દેહને જ આત્મા માને છે,અને આત્મ-સ્વરૂપને જાણતા નથી.અને આમ પશુને પોતાના સ્વ-રૂપનું પણ ભાન નથી તો પછી એ પરમાત્મ-રૂપને ક્યાંથી પામી શકે?.શરીરને જે —આત્મા-સમજે છે, એ માનવ પશુ સમાન જ છે,આ જીવ અનેક વર્ષોથી ભોગ ભોગવતો આવ્યો છે,છતાં તેને શાંતિ મળી નથી.

તેને શાંતિ ત્યારે મળે જયારે તેને પરમાત્માના દર્શન થાય.

સ્વર્ગમાં રહેલા દેવોને પણ પરમાત્માનો અનુભવ થતો નથી.સ્વર્ગમાં રહેલા દેવો પણ દુખી છે,અશાંત છે,તેમને પણ પતનની બીક હોય છે.પુણ્ય નો નાશ થયા પછી તેમને પણ ત્યાંથી (સ્વર્ગમાંથી) ધકેલી દેવામાં આવે છે,

ત્યારે બિલકુલ દયા રાખવામાં આવતી નથી.માથું નીચે ને પગ ઉંચે......!! આમ સ્વર્ગ માં રહેલા દેવોનું પતન થાય છે.પરંતુ જે પરમાત્મા શ્રી કૃષ્ણના દર્શન કરે છે,તેમનું પતન થતું નથી.સ્વર્ગમાં રહેલા દેવો આપણા કરતા વધુ સુખ ભોગવે છે,પણ એમને પરમાત્માના દર્શન થતા નથી.જેને સુખ ભોગવવાની ઈચ્છા છે,તેને પરમાત્મા ના દર્શન થતા નથી.

સ્વર્ગના દેવો સુખ ભોગવીને પુણ્યનો નાશ કરે છે,પશુ પક્ષીઓ દુ:ખ ભોગવી પાપનો નાશ કરે છે.

સ્વર્ગના દેવો પુણ્યનું ફળ — સુખ —ભોગવે છે,અને પુણ્યનો નાશ કરે છે,સ્વર્ગ એ ભોગ ભૂમિ છે,ત્યાં નવું પુણ્ય ઉપાર્જિત થતું નથી,સ્વર્ગમાં કોઈ નવી આવક થતી નથી,માનવ જે પુણ્ય લઇ ને ગયો હોય તે ભોગવે છે.

મનુષ્યમાં પાપ અને પુણ્ય ને સમજવાની બુદ્ધિ (શક્તિ) છે. એક મનુષ્ય-યોનિમાં જ પાપ-પુણ્ય થાય છે.

મનુષ્ય ધારે તો પાપ કરતો અટકી જાય અને નવું પુણ્ય કરી શકે છે.અને પરમાત્માના દર્શન કરી શકે છે.

માનવી વિવેક (બુદ્ધિ)થી સંસારમાં જીવે તો --ભોગ અને ભગવાન બંનેને મેળવી શકે છે.

માનવી આત્મ-પરમાત્મ-સ્વરૂપને જાણતો નથી.જે પરમાત્મ-રૂપને જાણતો નથી તેને હંમેશા — બીક- રહે છે,શાંતિ મળતી નથી,રાજાને શાંતિ નથી-સ્વર્ગ ના દેવોને પણ શાંતિ નથી.

પરમાત્મા શ્રી કૃષ્ણના દર્શન (આત્મ-પરમાત્મ, સ્વ-રૂપના દર્શન) કરે તેને પૂર્ણ શાંતિ મળે છે.

પણ દુ:ખની વાત એ છે કે —

મનુષ્ય પરમાત્મા માટે કઈ —સાધન—કરતો નથી. શરીરના સુખને એ પોતાનું સુખ સમજે છે.

સુખના ત્રણ પ્રકાર છે-



શરીરનું સુખ—પ્રાણ નું સુખ— આત્મા નું સુખ.અને મનુષ્યને સાચા સુખની ખબર નથી.મહેનત -ના - કરે તો શરીર રોગી થાય છે,શરીર આળસુ બને તો રોગોનું ઘર થાય છે.

આજના મનુષ્યને વગર મહેનતે પૈસો જોઈએ છે.સુખના સાધન વધે એટલે રોગો વધે છે.શરીરને રોગ થાય તો તેની મનુષ્ય કાળજી રાખે છે,પણ મનને કેટલા રોગ થયા છે,તેનો વિચાર કરતો નથી.

મનને ખુબ રોગ થયા છે.કામ,ક્રોધ,લોભ,મદ,મોહ — એ બધા રોગ છે.

અને તેથી પ્રભુના દર્શન થતા નથી.મન શુદ્ધ થાય તો,તો,મનુષ્યને તે, જ્યાં બેઠો છે,

ત્યાં (હાલ જ) પરમાત્માના દર્શન થશે,પરમાત્મા દેખાશે.?

શેષ પુન:

કૃષ્ણ કનૈયા લાલા કી જય

# રોટરી ક્લબ ઓફ પાટણ નો વર્ષ ૨૦૨૦- ૨૧ તથા ૨૦૨૧-૨૨ નો એવોર્ડ ફંક્શન DGE. રો. મેહુલ રાઠોડ ની ઉપસ્થિતિમાં યોજાયો



બેસ્ટ સપોર્ટર ક્લબ ટ્રેનર એવોર્ડથી

રો.બાબુભાઈ પ્રજાપતિ તથા ડાયનેમિક્સ સેક્રેટરી એવોર્ડ થી રો.ઝુઝારસંગ સોઢા ને સન્માનિત કરવામાં આવ્યા .

રોટરી ક્લબ ઓફ પાટણનો વર્ષ - ૨૦૨૦-૨ ૧તથા ૨૦૨૧-૨૨ નો એવોર્ડફંકશન ઙ્ગ્ઈ મેહુલ રાઠોડ ,છ્ગ. રો. પ્રવીણ વ્યાસ , છ્ગ.રો હરેશ પટેલ તથા મહેસાણા જિલ્લાના ખેતીવાડી અધિકારીશ્રી શૈલેષભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો . વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રમુખ શ્રી રણછોડભાઈ પટેલ દ્વારા બેસ્ટ રોટેરીયન એવોર્ડથી રો. જયરામ પટેલ તથા રો. વિનોદ સુથારને નવાજવામાં આવ્યા. આઉટ સ્ટેન્ડિંગ

રોટેરિયન એવોર્ડથી રો. ઘેમરભાઇ દેસાઈ તથા રો. ધનરાજભાઈ ઠક્કરને સન્માનિત કરાયા. એક્સેલન્સ સર્વિસ એવોર્ડ થી રો. રાજેશ મોદી તથા રો. સતીશ ઠકકર ને સન્માનિત કરાયા.

બેસ્ટ ન્યુ

રોટેરિયન એવોર્ડથી રો. રાજેન્દ્ર પટેલ , બેસ્ટ ફંડ સપોર્ટર એવોર્ડથી રો.મહેન્દ્ર પટેલ, બેસ્ટ સપોર્ટર ટ્રેઝરર રો.નીતિનભાઈ પટેલ બેસ્ટ સપોર્ટર રોટરેક્ટર એવોર્ડથી રોટ.પૂર્વેશ પટેલ, બેસ્ટ રોટરેકટર એવોર્ડથી રો.જૈનમ પટેલ , બેસ્ટ રક્ત ક્રાંતિવીર એવોર્ડ થી રો.નૈતિક પટેલ ને સન્માનિત કરાયા.

બેસ્ટ સપોર્ટર ક્લબ ટ્રેનર એવોર્ડથી

રો.બાબુભાઈ પ્રજાપતિ તથા ડાયનેમિક્સ સેક્રેટરી એવોર્ડ થી રો.ઝુઝારસંગ સોઢા ને સન્માનિત કરવામાં આવ્યા .

બાકીના તમામ રોટરી મેમ્બર્સને પણ સુંદર કામગીરી બદલ પ્રો.ચેર.અને કો. ચેર. મોમેન્ટ થકી સન્માનિત કરવામાં આવ્યા .

વર્ષ- ૨૦૨૧-૨૨ ના પ્રમુખશ્રી રાજેશભાઈ મોદી તરફથી બેસ્ટ રોટેરિયન એવોર્ડ થી રો. ઝુઝારસંગ સોઢા તથા ડાયનેમિક ટ્રેનર એવોર્ડથી .

રો.બાબુભાઈ પ્રજાપતિ, આઉટ સ્ટેન્ડિંગ રોટેરીયન એવોર્ડથી રો.જયરામ પટેલ તથા એક્સેલન્સ એવોર્ડથી વિનોદભાઈ સુથારને સન્માનિત કરવામાં આવ્યા .

રોટરેકટર એવોર્ડ થી રોટ.વત્સલ પટેલને સન્માનિત કરાયા.

આ ઉપરાંત વિશેષ સન્માનમાં સમગ્ર બે વર્ષ દરમિયાન વિશેષ કામગીરી કરનારા અને રોટરીને હર હંમેશ મદદરૂપ એવા શ્રી મુકેશભાઈ દેસાઈ રિલાયન્સ ફાઉન્ડેશન, પ્રયાસ વેલ્ફેર ફાઉન્ડેશન ટીમ,

રો. વિનોદભાઈ જોશી, જયંતીભાઈ પટેલ, શ્રી કમલેશભાઈ જોશી, શ્રી મનોજભાઈ પટેલ, શ્રી જયેશભાઈ પટેલ સંતોષજી જાદવ , ડૉ. નીપુલભાઈ સાલવી, હિતેશભાઈ રાવલ, ચૌહાણ મોન્ટુસિંહ, ગણપતભાઈ પ્રજાપતિ જય પટેલનું વિશેષ સન્માન કરીને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

રોટરીને કરેલ મદદ બદલ સન્માનિત કરવામાં આવ્યા .

વર્ષ ૨૦૨૦-૨ ૧તથા ૨૦૨૧-૨૨ ના વર્ષમાં પર્યાવરણ ક્ષેત્રે ખૂબ મોટું ફંડ આપનાર શ્રી બી.કે .પટેલ ડાયનેમિક અમદાવાદ ની નોંધ લઈ આભાર વ્યક્ત કર્યો હતો.

DGE. રોટેરિયન મેહુલ રાઠોડ ,AG. જી પ્રવીણભાઈ વ્યાસ આ કાર્યક્રમને ખૂબ બિરદાવ્યો તથા રોટરી પરિવારને શુભેચ્છા પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રો. જય દરજી દ્વારા કરવામાં આવ્યું હતું.

ગૃહક્ષેત્રે

કશો વિરોધ કરતો નથી,
એટલે જ અહીં શાંતિ છે?
ચોમેર બધું શાંત દેખાય છે,
તોફાન પહેલાંની ભ્રાંતિ છે?
મૂંગા રહીને પ્રતિકાર થાય,
નૂતન પ્રકારની ઉત્ક્રાંતિ છે?
અમે સફેદ ઝંડી લહેરાવી છે,
સમજો કે યુધ્ધ વિશ્રાંતિ છે.
ઉપર ઉપર બધુ ઠીકઠાક છે,
શું અંદરથી વિપ્લવ ક્રાંતિ છે??
ભરત વૈષ્ણવ

# લાડુની હરાજીમાં ઉપજેલ ભાવથી મિઠાઈના મોં કાળા પડી ગયા!!!

અમે મિઠાઈની દુકાને પહોંચ્યા. વેઈટ અ મિનિટ? શું બોલ્યા? શું બાફ્યું? ઈંડું કે બટાટા બાફવાની વાત નથી!! તમે મિઠાઈની દુકાન કહો છો?? હાઉ ઓર્થોડોક્સ યુ આર? મિઠાઈની દુકાનો મીરાના જમાનામાં હતી. હવે અ સ્વીટ માર્ટ છે. ખાડિયામાં હાટડી છે. જય અંબે સ્વીટ માર્ટ અને લખે વ્રજની મીઠાશ!! વ્રજની દિશા ખબર ન હોય.હવે મિઠાઈની દુકાનો નથી. મિઠાઈમોલ છે!! ગિરધરલાલ સુધરો . કયાં સુધી રોચા કે ભોથા જેવા રહેશો??

કાજુ -અંજીર, માવા, પિસ્તા-બદામની મીઠાઈઓ મો ફૂંગરાવીને બેઠી હતી. માનો કે કોપભવનમાં ન ગઇ હોય!! મિઠાઇ મધુપ્રમેહના દર્દીને માનીતી( ખાનગીમાં પેટ ભરીને મિઠાઇ ઠુસતો હોય!) ન હોય. બાકી તમામ મિઠાઇના રસિયા હોય. આ મિઠાઇ એકસપાયરી ડેટ પછી ફૂગવાળી થાય કે તોડીએ તો તાંતણા જેવી લાળ નીકળે તેની દેખાતી હતી. સમજો ને કે મેક અપ વિનાની માધુરી દીક્ષિત !!!

દુકાનમાં એક કન્ટેનરમાં લાડવા મુક્યા હતા. તમામ મિઠાઇ ખુદ કૌશિક મુનિ હોય અને લાડવો બદલી હોય તેમ બાળીને ભસ્મ કરવા માટે ત્રાટક કરતી હતી. આ લાડવાને લીધે મિઠાઇનું અવમૂલ્યન થયું હતું!! લાડવાને લીધે મિઠાઇના તેજોવધ થયો હતો. મિઠાઇનું ચાલે તો લાડવાને મસળીને તેમા પર હમચી ખુંદે!!!

મિઠાઈની નારાજગી વાજબી હતી. તમે લાડવા અને મિઠાઇનું બંધારણ જુઓ તો મિઠાઈની લર્વોપરીતા આપોઆપ પ્રમેયની માફક સિધ્ધ થાય!! લાડવામાં શું હોય? ઘઉંનો કે રવાનો લોટ, ગોળ કે ખાંડ અને ઘી. બહુબહુ તો ઉપર ખસખસ લગાવ્યા હોય. કદાચ તેની વેલ્યુ વધારવા બદામ કે કાજુની કતરણ હોય! મોટેભાગે તો નાતના જમણમાં નેવૈધમાં લાજું, વાલ, બટાટાનું છાલવાળું રસાવાળું શાક અને ડાળભાત પિરસાય. લગ્નના રિસેપ્શન કે અન્ય પ્રસંગોએ જમણવાર- બુફેમાં લાડવાનો છેદ ઉડી જાય!!

લાડવો દેખાવમાં જતિ જેવો. એને શણગારવા માટે વરખ બરખ હરખ લગાડવો ન પડે. એટ્રેકટિવ ખોખામાં પેક પણ ન કરવો પડે. ચૂરમના લાડવા, કળીના લાડવા, બુદીના લાડવા, મોતીચૂર , બેસન લડું, કે મસાણિયા લાડવા. લાડવાકૂળમાં આટલાનો જ સમાવેંશ થાય!!

મિઠાઈમાં તો મહિલાની ફેશન જેટલી વેરીયટી. તેમાં કાજુ, કિસમિસ, અખરોટ, પિસ્તા, બદામ,પિસ્તા, ખજૂર, દ્રાક્ષ, સ્ટ્રોબરી, પાઇનેપલ, લીચી, કોકો, ચોકલેટ પાવડર વગેરેનો ધમધમાટ હોય. જુંબા કેસરી વિમલમાં તો કેસર ન હોવા છતાં ત્રણ સુપરસ્ટાર બે રૂપિયાની પડીકી વેચવા પરસેવો પાડે છે કે પાપડ વણે છે!! જ્યારે મિઠાઇમાં પચ્ચીસ છવીસ હજાર રૂપિયે કિલોના ભાવનું કેસર ત્રણ હજાર રૂપિયાના ભાવનું કાંકરેજની ગાયનું ઘી, સ્યુગર ફ્રી, લો ડાયેટની હોય છે!!

ગયા વરસે અમદાવાદમાં દિવાળી પર રૂ. ૨૫ હજાર પ્રતિકિલોના ભાવની મીઠાઇ બનાવવામાં આવી છે. આ મીઠાઈની વિશેષતા જોઈએ તો આ મીઠાઇ ખાસ નૌજા ડ્રાયફ્રુટ્સમાંથી બનાવવામાં આવી છે. આ મીઠાઇ ઉપર સોનાનું ૨૪ કેરેટ ગોલ્ડનું વરખ પણ ચઢાવવામાં આવ્યું છે. સૌથી મોંઘી કહી શકાય એવી મમરા બદામનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. નૌજા ડ્રાયફ્રુટ્સ ખાસ અફઘાનિસ્તાનથી મંગાવવામાં આવ્યા છે.ગોલ્ડન પિસ્તા બોલ અને ગોલ્ડન પિસ્તા ડિલાઈટ નામની બે મીઠાઇ બનાવવામાં આવી છે જેના માટે શૈફને ખાસ ટર્કીથી બોલાવવામાં આવ્યો હતો. હાલ તો આ મીઠાઇ અમદાવાદમાં ઘૂમ મચાવી રહી છે. આ મીઠાઈ અંદાજે ૨ મહિના સુધી બગડતી નથી.

કેટલાક લોકોને મીઠાઈ એટલી પસંદ હોય છે કે તેઓ સૌથી મોંઘી મીઠાઈ ખાતા પહેલા એક વિચાર પણ નથી કરતા. ભલે તેઓને તે મીઠાઈ માટે સામાન્ય કરતાં વધુ પૈસા ચૂકવવા પણ તૈયાર થઈ જાય છે. ત્યારે હવે સોનામાથી બનેલી મીઠાઈનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. મીઠાઈની કિંમત ૧૬ હજાર રૂપિયા પ્રતિ કિલોગ્રામ છે.

મિઠાઈની દુકાનની મિઠાઇ લાડવાની ઈર્ષા કેમ કરી રહી છે? શું તેમને બાપે માર્યા વેર છે? કાઠિયાવાડની જેમ વટ, વચન અને વેરના વળામણા છે? સીમશેઢાની તકરાર છે?? દેખિયે પ્રાઈમ ટાઈમમે રાજુ રદી કી પેશકસ!!

તેલંગાણાની રાજધાની હૈદરાબાદમાં ભગવાન ગણેશના લાડુની હરાજી કરવામાં આવી છે. બાલાપુર ગણેશના આ લાડુની ૨૪.૬૦ લાખ રૂપિયામાં હરાજી કરવામાં આવી છે, તેનું વજન ૨૧ કિલો છે. ભગવાન ગણેશના લાડુ ખરીદનાર વ્યક્તિનું નામ વી. લક્ષ્મણ રેડ્ડી છે.જે બાલાપુર ગણેશ ઉત્સવ સમિતિના સભ્ય પણ છે.

૨૦૨૧માં લાડુ માટે ૧૮.૯૦ લાખ રૂપિયાની બોલી લગાવવામાં આવી હતી, જ્યારે વર્ષ ૨૦૧૯માં લાડુ માટે ૧૭.૬૦ લાખ રૂપિયાની બોલી લગાવવામાં આવી હતી. વર્ષ ૨૦૧૮માં તેની ૧૬.૬ લાખ રૂપિયાની કિંમતે હરાજી કરવામાં આવી હતી. લાડુની હરાજીનો ઈતિહાસ ઘણો જૂનો છે, અને તે વર્ષ ૧૯૯૪થી ચાલી રહ્યો છે. અગાઉ આ લાડુ ભક્ત દ્વારા ૪૫૦ રૂપિયામાં ખરીદાતા હતા અને ત્યારથી આ પરંપરા ચાલુ છે.

એક લાડુની કિંમત આટલી બધી ચૂકવવામાં આવે તો મિઠાઇના મોઢા કાળા પડી જાય તેમાં શું નવાઇ?? આપણે ટ્રક પર લખેલ વાક્ય બોલવાનું બુરી નજરવાલી મિઠાઇ તેરા મુંહ કાલા. ઈર્ષાળુને લાડુબાપાના આશાર્વાદ. જય મોદક! લડુગોપાલ કી જય હો!!

ભરત વૈષ્ણવ
૧૨.૯.૨૦૨૨.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**NOG : SS : NO : 0120**
વિષય : શ્રાદ્ધ પક્ષ માતૃ-પિતૃ તર્પણ.
પ્રકાર : પદ્ય (અછાંદસ)
શબ્દ : ૮૨
શિર્ષક : શ્રાદ્ધ

ભાદરવો વરસે ભરપૂર,
નદીએ આવે પાણીના પૂર.
ભાદરવામાં થાય ઉકળાટ,
ગણેશજીનો હોય ચળકાટ.
ભાદરવે મોટા મેળા ભરાય,
માનવ મહેરામણ ઉભરાય.
રામદેવપીરના આવે નોરતા,
નોમના નેજાને દસમની દેગ.
સોળ શ્રાદ્ધ પક્ષના દિવસો,
પૂર્વજોને કાગવાસ નાખતા.
રામે વનમાં વનફળથી કર્યું તર્પણ,
પિતૃ તર્પણ કરી કર્યું સમર્પણ.
પાવન થઈએ માતૃ-પિતૃ તર્પણ કરીને,
અગણિત છે ઉપકારો પુરા કરીને.
ધોમધખતા તાપમાં થતા બિમાર,
ઠેર-ઠેર મચ્છરોની ભર માર.
પાણીમાં રહેતી ભાદરવાની ભેંસ,
સ્વચ્છને સ્વસ્થ થતી કાળી મેંસ.
રમા કહે ધર્મમાં સમાયુ વિજ્ઞાન,
સમજ કેળવી મેળવીએ જ્ઞાન.

રમીલાબેન ડી મકવાણા 'રમા'
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા
તારીખ : ૧૨-૯-૨૨

-----------------------------------------------------------

**NOG SS: 0032**
વિષય: માતાપિતા શ્રાધ્ધ
પ્રકાર : પદ્ય
શીર્ષક: તર્પણ

શ્રાદ્ધ તિથિએ અર્પણ દિલથી કરીએ તર્પણ,
આજ અમાસના દિવસે. પિતૃશ્રાધમાં ભળ્યું માતૃશ્રાધ.
હરિદ્વાર ગંગાને કાંઠે શ્રધ્ધાથી કર્યુ ગંગાસ્નાન,
માતૃપિતૃને અંજલી આપી ખરા દિલથી કર્યુ તર્પણ.
દશે દિશાથી લાગણી ભાવના, દયા, ક્ષમા તર્પણ,
તમારાં સ્મરણોમાં વહેતા,ભાવ તણા ઝરણાં.
સ્મરણ તમારું પ્રતિક્ષણ આ જીવન રણ,
યાદોનું શરણ જીવન મરણ..
વહે ભાવ સ્નેહનું ઝરણું અકારણ યાદોનું શરણું ,
તમે તો થયા શ્રીજી હરિને શરણ ,પગદંડીએ અંકિત તમારું મરણ.
મુખ પરનું સ્મિત,અમારા હદયમાં અંકિત,
તમારાં સ્નેહનું નજરાણું નિરાળું.
એ જ પ્રાર્થનાને એ જ ભજન,
વાગોળતા રહીશું બસ અવિરત.

મીના માંગરોલીયા મીનુ
અમદાવાદ

-----------------------------------------------------------

**NOG SS NO: 0117**
વિષય : શ્રાદ્ધ પક્ષ, માતૃ-પિતૃ તર્પણ
'શ્રાદ્ધનું સત્ય '

નાનકડો રવી બારી પાસે બેસીને કંઈક વિચારી રહ્યો હતો.એ એટલો તલ્લીન હતો કે,એના દાદી એની બાજુમાં આવીને બેસી ગયા તો,પણ એને ખબર ન પડી.તેના દાદીએ તેને પૂછ્યું,

" રવી,ક્યાં આટલો ખોવાયો છે?શું જુવે છે બારીની બહાર ?"

" દાદી,આ સામેવાળા અંકલ અગાસીએ કંઈક મુકવા ગયા.મે એમને આવું કરતા પહેલા ક્યારેય નથી જોયા!અને ઘરે વધી પડ્યું હોઇ તો ગાયને ખવડાવી દેવાયને. આમ અગાસી ઉપર થોડું મુકવા જવાય ?"

( દાદી હસી પડે છે.)

"જો બેટા,એ અંકલ છે ને એ,શ્રાદ્ધની વિધિ કરવા માટે અગાસીએ ગયા છે. આપણે પણ ૨ દિવસ પછી આવી જ રીતે કરીશું."

"શ્રાદ્ધ ?એટલે ?"

"સાંભળ..તારા પપ્પાના દાદા કે આપણા બીજા વડીલોને કે,જે હવે આપણી વચ્ચે નથી તેને આપણાં પિતૃ કહેવાય;અને આપણે શ્રદ્ધાથી આપણા પિતૃઓ માટે જે કરીએ એને શ્રાદ્ધ કહેવાય.શ્રાદ્ધની પરંપરા સૌપ્રથમ બ્રહ્માજીએ શુરૂ કરી હતી.મૃત્યુલોકમાં સૌથી પહેલું શ્રાદ્ધ નીમી રાજા દ્વારા કરવામાં આવ્યું હતું.ભાદરવા મહિનામાં પિતૃઓ માટે આ શ્રાદ્ધ કરવામાં આવે છે.આપણને જે કંઈ પણ મળ્યું છે,એ આપણાં પિતૃઓ તરફથી જ મળ્યું છે. અને એમનું ઋણ ઉતારવા દરેક ઘરમાં શ્રાદ્ધ કરવામાં આવે છે.આ સમયમાં કાગડાને કાગવાસ નાખવાનો ખુબ મહિમા છે.અને ભાદરવા મહિનામાં જ કાગડી ઈંડા મૂકવાની તૈયારીમાં હોય છે.તેને પૂરતું અન્ન મળી રહે અને તે તૃપ્ત થાય તે માટે પણ આ વ્યવસ્થા બનાવવામાં આવી છે.અને શ્રાદ્ધના દિવસમાં ખીર કે દૂધપાક એટલે પણ ખાવામાં આવે છે કે, આયુર્વેદ પ્રમાણે ભાદરવામાં મહિનામાં દૂધનું સેવન કરવું એ આપણાં માટે ખુબ સારું છે.તેનાથી એસિડિટી જેવા રોગનો નાશ થાય છે.ભગવાન શ્રીરામ એ પણ તેમના પિતા મહારાજા દશરથનું શ્રાદ્ધ પુષ્કરમાં કર્યું હતું.શ્રાદ્ધના દિવસોને આપણાં પિતૃ તરફથી આશીર્વાદ મેળવવાનો અનેરો અવસર માનવામાં આવે છે.આ દિવસોમાં ગાયના દૂધમાંથી ખીર કે દૂધપાક બનાવાય છે.સરસ પકવાન અને વ્યંજનો બનાવાય છે.ગરીબોને દાન પુણ્ય કરવામાં આવે છે તથા બ્રાહ્મણોને દક્ષિણા અપાય છે.અને બને તેટલા સારા કાર્યો કરવામાં આવે છે."

"હવે સમજ આવ્યું કે, સામેવાળા અંકલ કેમ અગાસી પર જતા હતા ?"

"હા. આપણે પણ આ શ્રાદ્ધ કરીશું ને ?"

"હા. કરવાનું જ હોઈ ને ?"

"યસ...મને તો ખીર ખાવાની મજા પડશે."

( દાદી હસતા-હસતા રવિના માથા પર હાથ ફેરવે છે.)

બે દિવસ પછી રવી સવારમાં વહેલો ઊઠી જાય છે;અને દાદીએ જણાવ્યું હતું,એ પ્રમાણે તેના પપ્પા સાથે બધી જ વિધિ કરે છે. અને કાગવાસ નાખવા પણ જાય છે.

- મેઘના કામદાર
(અમદાવાદ)

-----------------------------------------------------------

**NOG ss no.0007**
વિષય : શ્રાદ્ધ પક્ષ,માતૃ પિતૃ તર્પણ
પ્રકાર : ગદ્ય
શીર્ષક: આનંદી

આનંદી...નામ પ્રમાણે જ ગુણ.સદાય હસતી અને ખુશ રહેતી આનંદી એક મધ્યમ વર્ગીય પરિવારમાં એનાં મમ્મી પપ્પા એક નાનો ભાઈ અને દાદા દાદી સાથે રહેતી હતી.પપ્પાનો નાનકડો જનરલ સ્ટોર હતો.નાજુક નમણી ઢીંગલી જેવી આનંદી એનાં પપ્પાની પરી હતી.એ જે માંગે તે મળતું અને જો પપ્પા ક્યારેક ના પાડે તો જીદ કરીને ધાર્યું કરાવી લેતી.હસતાં રમતાં જીવન ચાલી રહ્યું હતું.પરંતુ કૉરોના મહામારીમાં આનંદીના પહેલાં પપ્પા અને પછી મમ્મી સપડાઈ.મમ્મી તો બચી ગઈ પરંતુ કૉરોનાએ પપ્પાનો જીવ લીધો.કહેવાય છે ને કે પિતાનું છત્ર ગુમાવનાર માટે તો જાણે આખું આકાશ જ ગુમાય જાય.અચાનક આવી પડેલી આપત્તિને લીધે અઢાર વર્ષની અલ્લડ,તોફાની મુગ્ધા આનંદી અચાનક એક શાંત,સમજદાર છોકરી બની ગઈ.પતિને ગુમાવ્યાના આઘાતને જેમતેમ સંકોરતી મમ્મીને સાંત્વના આપી એની પડખે ઊભા રહીને માના આંસુઓને પોતાની હથેળીમાં ઝીલી લીધાં. પોતાનાં પપ્પાની દુકાનને સંભાળી લીધી,બાકી રહેલી ઉઘરાણીના પૈસા ઉઘરાવ્યા, બિમાર દાદાને યોગ્ય સારવાર અપાવી,નાના ભાઈને યોગ્ય માર્ગદર્શન આપી કૉલેજમાં એડમિશન અપાવ્યું અને પોતે પણ સી.એ. ફાઈનલ સુધી પહોંચી ગયેલી આનંદીએ એક પિતાએ નિભાવવાની બધી જવાબદારીઓને પોતાને નાજુક ખભા પર ઉપાડી પિતાને ખરાં અર્થમાં પિતૃતર્પણ આપ્યું છે.

સત્ય ઘટના પર આધારીત
લેખિકા : આરતી અઢીયા મરચંટ
મુંબઈ: કાંદિવલી
ભારત

-----------------------------------------------------------

**NOG SS No -119**
વિષય : શ્રાદ્ધ માતૃ-પિતૃ તર્પણ
પ્રકાર : ગદ્ય
શિર્ષક : શ્રાદ્ધ
શબ્દો : ૨૯૫

'શ્રાદ્ધ'

શ્રાદ્ધએ ભાદરવા માસની પૂનમના દિવસે સાંજથી ભાદરવા અમાસ સુધીના દિવસો એટલે શ્રાદ્ધ પક્ષના સોળ દિવસો ગણાય છે.

સોળ શ્રાદ્ધ, નવ નવરાત્રી- દસ દશેરા અને વીસે દિવાળી આ અમારા ગામડાના ભાભાઓની ગણતરીનું આગવા ગણિતનું સંશોધન ગણી શકાય.

શ્રાદ્ધમાં વડવાઓને તર્પણ કરવાનો અવસર છે. તર્પણ વડવાઓને પહોંચે છે કે નહીં તે મને ખબર નથી, પરંતુ કાગવાસ કરવાથી કાગડાઓ એકઠા થઈ જાય છે એટલે એમની પાસેથી સંગઠન શક્તિનાં દર્શન થાય છે. કાગડાઓની આખી જમાત એકઠી થઈ જાય છે અને એકબીજાને મિષ્ટાન-મેવાની મિજબાની મળે છે .

મા-બાપ જ્યારે ઘરના કે બહારના કામ કરતા હોય ત્યાં સુધી સારા લાગે, પણ જ્યારે વૃધ્ધ અને અશક્ત થઈ જાય પછી ઘરમાં જોવા ગમતા નથી. પેલી કહેવત અનુસાર 'ગરજ સરી અને વૈદ વેરી' પછી અવનવા બહાના બતાવી હડધૂત કરતા હોય, પોતાના દિકરાની વહુ અને દિકરો જેમ-તેમ બોલે, તેમના છોકરા પણ વાતવાતમાં ઉતારી પાડે છતાં પણ હસતા મૂખે લાચારીથી બધું સહન કરતા હોય છે. આવા બનાવો દરેકના ઘરમાં બનતા હશે. મા-બાપને રહેવા,જમવા અને બેસવા-સૂવા ના વારા કરીને મોટી સેવા કરતા હોય તેવો બાહ્ય આડંબર કરતા હોય છે.બહુ શિક્ષિત અને ભદ્ર ગણાતા લોકોના માવતરોને વૃધ્ધાશ્રમમાં મૂકીને સંતોષનો એહસાસ કરતા હોય છે. વૃધ્ધાશ્રમો ઘટવાને બદલે વધતા જાય છે.જે આજની યુવા પેઢીને માટે કલંક સમાન છે.

કોઈ કવિએ સાચું જ કહ્યું છે કે
વૃધ્ધાશ્રમમાં દિવસો વિતાવ્યા,
એના નેવે કેમ કરીને મારે જાવું...!
બટકુ રોટલો ભારે પડ્યો,
હવે મારે કાગડો થઈ કેમ ખાવું...!

મા-બાપ મૃત્યું પામે પછી બારમું-તેરમું કરે અને વૈતરણી પાર કરાવવા ભૂ દેવોને દાન-દક્ષિણા આપી મોટો અભેજગન આદરે. એક વર્ષ પછી શ્રાદ્ધ કરીને તર્પણ કર્યાનો જશ મેળવે.

'જાગતા નર સેવો' ગોરખનાથના ભજનનો સાક્ષાત્કાર કરીએ અને થાય તો મા-બાપને ટાણાસર હસતામૂખડે હેતથી જમાડીએ.તેમની આંતરડીને ઠારવાનો પ્રયત્ન કરીએ.

દુનિયામાં સાચું શ્રાદ્ધ અને માતા-પિતાનું તર્પણ એટલે મા-બાપની હયાતીમાં કરેલી સેવા છે. આપણા મા-બાપે તમારા પર અનેકવાર છણકા-ભણકા કર્યા હશે છતાં , પણ તમે તેમને જીવતેજીવ ભલીભાતથી સાચવો એ જ સાચું શ્રાદ્ધ પર્વ ઉજવ્યું ગણાશે.

ડૉ જગદીશ કે રણોદરા (બંધવ)
વીસાવડી-વરણોસરી-શંખેશ્વર-વાહેદપુરા

---

### ગાય આધારીત પ્રાકૃતિક કૃષિ
# ઝેર મુકત કૃષિ અને રોગમુકત ભારતને કરવા માટે ગાયમાતાના શરણે જવું પડશે



શ્રી સુભાષ પાલેકર સાથે ૨૦૦૭ થી સંકળાયેલ છું. ગાય આધારીત પ્રાકૃતિક કૃષિ પાલેકરજીના કહેવા મુજબ ૧૦% પાણીની જરૂર રહે છે. કારણ કે ગાયના છાણ અને ગૌમૂત્ર દ્વારા ખેતી કરવાથી જમીનમાં અળસિયા પુષ્કળ થાય છે. લાખોની સંખ્યામાં થાય છે. જે જમીનને પોલી કરે છે. ખાતર વર્ગીવોશ આપે છે. ૧૦% પાણી એટલે ૯૦% પાણી અને વીજળીની બચત ઉપરાંત કૂવા અને બોર રીચાર્જ થાય. કાયમી ઉત્પાદન મળે.

। ઝેર મુકત કૃષિ અને રોગમુકત ભારતને કરવા માટે ગાયમાતાના શરણે જવું પડશે.

ગાયમાતાનું દૂધ અમૃત સમાન છે. ઘી અમૂલ્ય છે ગૌમૂત્ર મહાઔષધી છે. ગાયમાતાનું છાણ સોનાની ખાણ છે. ભવિષ્યમાં દૂધ ન આપતી ગાયમાતાની વેલ્યુ અમુલ્ય છે. તેના કિશાનભાઈઓ બે લાખ રૂપીયા આપીને ગોતવા નીકળશે. ૧ ગાયમાતાનાં ગોબરથી ૩૦ એકર જમીન ફળદ્રુપ થાય, પંચગવ્ય દ્વારા અનેક રોગોથી મુકિત મળે છે. ખાતર અને દવા અને હોસ્પીટલનાં લાખો રૂપીયા બચાવી આપે તેવી અમુલ્ય એવી ગાયમાતાનું આપણે સૌ સાથે મળીને રક્ષણ કરીએ. ''મગફળી હોય તો ઓઈલ મીલ ચાલે, કપાસ હોય તો કાપડ મીલ ચાલે, કીશાનભાઈ સાથે ગાયમાતા ચાલે'' સહજાનંદ ગૌશાળામાં પંચગવ્ય દવા અને પ્રાકૃતિક કૃષિની નિઃશુલ્ક ટ્રેનીંગ આપવામાં આવે છે.

ગૌ પ્રોડકટ વાપરીને ગૌરક્ષાના સહભાગી બનવા આપની નાની એવી ખરીદી પણ ગૌમાતાના લાભાર્થે કરી શકાય.

ગૌ પ્રોડક્ટ વાપરવાથી અસંખ્ય લાભો થાય છે જેવા કે, ગૌમૂત્ર અર્ક : કેન્સર, એઈડસ, શ્વાસ, વગેરે અનેક પ્રકારના રોગોમાં ઉપયોગી, પાણીમાં નાખીને સ્નાન કરવાથી શરીર ફરતુ ઓરા કવચ નિર્માણ થાય છે, જે રોગ પ્રતિકારક શકિત વધારે છે.

કલ્પધેનુ હેર ઓઈલ : ગાયના દુધ દ્વારા અને જડીબુટ્ટી દ્વારા બનેલ છે, જ્ઞાનતંતુઓ ચેતનવંતા બનશે, મગજમાં લોહીનું પરિભ્રમણ વધશે, વાળ તૂટતા અટકશે, વાળ લાંબા અને સુવાળા થશે, ડેન્ડ્રફ નહીં થાય, નાની ઉમરમાં વાળ સફેદ થતા અટકશે.

કલ્પધેનુ હેરવોશ : આયુર્વેદીક જડીબુટ્ટી દ્વારા બનેલ, ગૌમૂત્ર અર્ક દ્વારા સિધ્ધ કરેલ, વાળ ખરતાં અટકશે, લાંબા અને સિલ્કી થશે, વાળ મજબુત બનશે.

ફેસ પેક : ગૌમય અંગ રક્ષક સાબુ (ગૌમૂત્ર છાણ નીમતેલ – હળદર દ્વારા બનાવેલ સાબુ) ખોડો દૂર કરે છે, શરીર શુધ્ધિ થાય છે, ચામડીના રોગોમાં ખીલમાં ફાયદો થાય છે, સ્નાન કરવાથી શરીર ફરતું ઓરા કવચ નિર્માણ થાય છે, રોગપ્રતિકારક શકિત વધે છે. સંધીવા તેલ : ગૌમય દ્વારા સિધ્ધ થયેલ દરેક પ્રકારના સાંધાના દુઃખાવામાં ઉપયોગી હળવે હાથે માલીશ કરવું.કલ્પધેનુ ધૂપબત્તી : ગાયના છાણ, ઘી અને હવન સામગ્રી દ્વારા બનતી ધૂપબતી કરવાથી ઘરમાં મીની હવન થાય છે. ઘરના વાતાવરણને શુધ્ધ કરે, નકારત્મક ઉર્જા દુર કરે છે, મચ્છર ભગાડે છે. અનેક રોગોમાં ઉપયોગી છે.કલ્પધેનુ નેચરલ ટાઈલ્સ ક્લીનર : નેચરલ ટાઈલ્સ ગૌમૂત્ર લીમડો અને પાઈન ઓઈલ દ્વારા બનેલ છે. ગૌમૂત્રને કારણ ઘર પવિત્ર થાય છે, જંતુ મુકત કરે છે. બજારની ફીનાઈલ કરતા ૫૦% વાપરવાની છે.

કલ્પધેનુ અગરબતી અને ધૂપબતી : ઘરના વાતાવરણને શુધ્ધ કરે, નકારાત્મક ઉર્જા દુર કરે છે. કલ્પધેનુ ધુપબતી ગોબર, ગાયનુ ઘી, અક્ષર (ચોખા), ધૂપ સામગ્રી દ્વારા બને છે.

ગોબરમાં લક્ષ્મીજીનો વાસ છે. જેથી ઘરમાં શુભલક્ષ્મી આવે છે. ગાયના ઘી દ્વારા ઓકસીજન મળે છે. ઓકિસજનના કારણે પર્યાવરણનું સંતુલન થાય છે. ધૂપબતીમાં આયુર્વેદીક વનસ્પતિ છે જે મચ્છર ભગાડે છે. શ્વસન તંત્રના રોગોમાં રાહત રહે છે. પાણીમાં ભસ્મ નાખીને પીવાથી રોગ પ્રતીકારક શકિત વધે છે. ધૂપબતીની રાખમાં મીઠું નાખીને દંતમંજનની જેમ ઉપયોગથી દાંતના દર્દ દુર થાય છે. ભસ્મમાં દુધની મલાઈ, હળદર અને મસુર દાળ પાવડર મેળવી લેપ કરવાથી ખીલમાં ફાયદો થાય છે. છાણને દેશી ઘી સાથે સળગાવાથી ઓકસીજન ઉત્પન્ન થાય છે, જે આપણા ઘર-ઓફીસ, મંદીર વગેરેને કિટાણું મુકત કરી વાતાવરણ શુધ્ધ રાખે છે. પોઝેટીવ એનર્જી ઉત્પન્ન કરે છે. ઋષિમુનીઓ પણ ગાયના ગોબરથી બનાવેલ ધૂપ ભગવાનને અર્પણ કરતા હતા. દેશી ગાયના ગોબરમાંથી બનાવેલી ધૂપબતીથી આરોગ્ય સારું રહે છે. વાતાવરણ શુધ્ધ થાય છે.

કોલસા અને કેમીકલના ઉપયોગથી બનતી અગરબતી તથા ધૂપતીના ગેરફાયદા : કોલસા અને કેમીકલના ઉપયોગથી બનાવવામાં આવતી અગરબતીના ધુમાડામાંથી કાર્બન મોનો ડાયોકસાઈડ નામે ઝેરી ગેસ નીકળે છે, જેનાથી શરીરને ખુબ જ નુકશાન થાય છે. કોલસા અને કેમીકલની અગરબતી પ્રગટાવવાથી વાતાવરણ પ્રદુષિત થાય છે. આ અગરબતીના ધુમાડાથી ઉધરસ અને છીંકની સાથે અનેક પ્રકારની તકલીફ થઈ શકે છે.

ગાયમાતાનું દૂધ એક અમૃત : માતાના દૂધ પછી ગાયમાતાના દુધને ગણવામાં આવે છે. ગાયમાતાના શરીરમાં સુર્યકેતુ નાડી છે. જે સૂર્ય પ્રકાશમાં જાગૃત થાય છે. અને સુવર્ણરંગનો પદાર્થ છોડે છે. જેથી સુવર્ણ તત્વો ઉત્પન્ન થાય છે, જેથી દૂધ અને ઘી નો રંગ પીળો હોય છે. જે સર્વરોગ નાશક હોય છે. ગાયના ૧ લીટર દુધ બરાબર ૬ ઈંડા, ૫૦૦ ગ્રામ મરઘીનું માંસ અને ૭૫૦ ગ્રામ માછલીના તત્વો હોય છે. (ડૉ. કેફ લાઉન્ટેન વૈજ્ઞાનિકનું સંશોધન છે), ગાયમાતાના દુધમાં વિટામીન 'એ' પુષ્કળ પ્રમાણમાં છે જેના કારણે શરીર મજબૂત બને છે. એ.બી.સી.ડી.ઈ. વિટામીન છે. ગાયમાતાના દુધમાં કેલ્શીયમ, સોડીયમ, મેગ્નેશીયમ, પોટેશીયમ, કલોરીન, લોહ વગેરે ખનીજ તત્વો છે. જે જીવન વિકાસ માટે ઉપયોગી છે. ગાયમાતાના દુધમાં સેરીબ્રોસાઈડ નામનું તત્વ છે. જે મગજ અને બુધ્ધિના વિકાસમાં મદદરૂપ થાય છે. પિત, એસીડીટી અને અલ્સરમાં ઉપયોગી છે. ગાયમાતાના દૂધમાં સ્ટ્રોનિટીન તત્વ છે. જે અણુકીરણોથી બચાવે છે. રશીયામાં ગાયમાતાના ઘી થી હવન કરીને પ્રયોગ કરતા જયાં ધુમાડો ગયેલ એટલા વિસ્તારમાં જીવાણું દૂર થઈ ગયેલ હતા. સુર્યના કીરણોથી ગાયમાતાના દુધમાં એટીરીકેટસ વીટામીન બને છે.

ગાયમાતાના ઘીના ગુણો : ગાયમાતાનું ઘી નેત્રને હિતકારી, અગ્નિને પ્રદીપ્ત કરનાર, પાકમાં મધુર, ટાઢું, વાત, પીત તથા કફને મટાડનાર, બુધ્ધિની, લાવણ્યની, ક્રાંતિની, સામર્થ્યની તથા તેજની વૃધ્ધિ કરનાર ઘીની સઘળી જાતોમાં ઉતમ છે.

શાંત કરનાર, ગુલ્મ, અતિસાર પ્લીહા, અર્થ અને સંગ્રહણીમાં હિતકર છે. આયુર્વેદ માતાનુસાર ગાયનું ઘી મધુર, ઠંડુ પોષક, શકિત વર્ધક, પાચક, રસાયન અને વાપિત શામક છે. ગાયનું ઘી સ્મૃતિ, મેઘા ત્વચાનો રંગ, અવાજ, દષ્ટિ અને શકિત વધારનાર છે. ગાયનું ઘી થાક દુર કરી શારીરીક ક્ષમતા વધારે છે. આ ઉપરાંત ગાયનું ઘી શરીર પર પડેલા ઘા રુઝાવવામાં, ભ્રમ અને વિષરોગમાં પણ ઉપયોગી છે. ગર્ભવતી મહીલા ચાંદીના વાસણમાં ગાયમાતાના દૂધમાંથી જમાવેલ દહીં બાળકનો જન્મ થાય ત્યાં સુધી રોજ સેવન કરે આવનાર જન્મ લેનાર બાળક તેજસ્વી અને મેઘાવી થશે.

કાંતિભાઈ પટેલ
(મો. ૯૮૨૪૨૩૩૭૨૯)

---

## જીનિસર્ગ સાયન્સ સેન્ટરના ઉપક્રમે જિલ્લા કક્ષાનો સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ યોજાયો




ગાંધીનગર ,

નેશનલ કાઉન્સીલ ઓન સાયન્સ મ્યુજીયમ દર વર્ષે સમગ્ર દેશના તમામ રાજયોની શાળાઓ માટે વિજ્ઞાન નાટક સ્પર્ધાનું આયોજન કરે છે. ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા મહાત્મા ગાંધી વિધ્યાલય,સેક્ટરઃ૧૬ ખાતે જિલ્લા કક્ષાનો સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ યોજાઈ ગયો. જેમાં ૧૨ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે મહાત્મા ગાંધી વિધ્યાલયના નિયામક નટુભાઇ લાડાણી, નિસર્ગ સાયન્સ સેન્ટરના ડાયરેક્ટર ડો.અનિલ પટેલ, સર્વ શિક્ષા અભિયાનના અધિકારીશ્રી હિતેન્દ્ર જોશી,નિર્ણાયિક તરીકે કુંતલ નિમાવત અને નિતિન પટેલ તથા શાળાના આચાર્ય હસમુખ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં શ્રીમતી એમ.બી.પટેલ ગર્લ્સ સ્કૂલ, શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક સ્કૂલ, શ્રી જે.એમ.ચૌધરી પ્રાઈમરી સ્કૂલ, એમ.બી.પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, એસ.જી.ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, માઉન્ટ કાર્મેલ સ્કૂલ, એમ.એચ વિધ્યામંદિર, ડભોડા, એસ.વી.ઈંગ્લીશ મીડીયમ પ્રાયમરી સ્કુલ,શ્રી જે.બી.પ્રાઇમરી સ્કૂલ, શ્રીમતી આર.જી.પટેલ સ્કૂલ, શ્રીમતી આર.સી.પટેલ સ્કૂલ, શ્રી જે.એમ.ચૌધરી માધ્યમિક શાળાના વિધ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

માનવ કલ્યાણના વિકાસ માટે વિજ્ઞાન અને ટેકનૉલોજી વિષયને ધ્યાનમાં રાખી વેક્સિનની વાર્તા, જીવનની ગુણવતા સુધારવા વિજ્ઞાન, મૂળભૂત વિજ્ઞાન અને ટકાઉ વિકાસ જેવી બાબતોને આવરી લઈ બાળકોએ નાટકો રજૂ કર્યા. જેમાં માઉન્ટ કાર્મેલ સ્કૂલ પ્રથમ ક્રમે, શ્રી જે.એમ.ચૌધરી હાયર સેકન્ડરી સ્કૂલ બીજા ક્રમે તથા એમ.બી.પટેલ ગર્લ્સ સ્કૂલ ત્રીજા ક્રમે વિજેતા થઈ હતી. પ્રથમ ક્રમે આવેલ શાળા હવે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. આ તમામ શાળાઓને ભાગ લેવાના મોમેન્ટો તથા તમામ વિધ્યાર્થીઓને પ્રમાણપત્રો આપી સન્માનીત કરવામાં આવશે.

## દેશમાં પહેલા કોંગ્રેસની સરકાર હતી ત્યારે કોંગ્રેસે સતત ઓબીસી સમાજ સાથે અન્યાય કર્યો છે. - ડો. કે.લક્ષ્મણજી

# કમલમ ખાતે ઓબીસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તેમજ રાજયસભાના સભ્ય અને ભારતીય જનતા પાર્ટીની સંસદીય સમિતિના અને ચૂંટણી સમિતિના સભ્યશ્રી ડો. કે.લક્ષ્મણજીની પત્રકાર પરિષદ યોજાઇ હતી

ગાંધીનગર ,

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ તારીખ ૧૩ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે ઓબીસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તેમજ રાજયસભાના સભ્ય અને ભારતીય જનતા પાર્ટીની સંસદીય સમિતિના અને ચૂંટણી સમિતિના સભ્યશ્રી ડો. કે.લક્ષ્મણજીની પત્રકાર પરિષદ યોજાઇ હતી.આ પત્રકાર પરિષદમાં ઓબીસી મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રતાપગઢના સાંસદશ્રી સંગમલાલ ગુપ્તાજી,ઓબીસી મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી સાગરભાઇ રાયકા,પ્રદેશના અધ્યક્ષ ઉદય કાનગડ, ઉપાધ્યક્ષ અને ઓબીસી મોરચાના પ્રભારીશ્રી મહેન્દ્રભાઇ પટેલ,મહામંત્રીશ્રીઓ શ્રી મયંકભાઇ નાયક,શ્રી ડો. સનમભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પત્રકાર પરિષદમાં ડો. કે.લક્ષ્મણજીએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું કે, આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવવાનો અવસર મળ્યો છે. ગત ૮,૯,૧૦ સપ્ટેમ્બરના રોજ ઓબીસી મોરચાની રાષ્ટ્રીય કાર્યસમિતિ બેઠક જોધપુર રાજસ્થાન ખાતે યોજાઇ. આ બેઠકનો શુભારંભ દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ તેમજ કેન્દ્રીયમંત્રીશ્રી ભુપેન્દ્ર યાદવજીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો.આ બેઠકમાં ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબે દેશભરના ઓબીસી સમાજના કાર્યકરોમાં નવઉર્જાનો સંચાર કર્યો.દેશના યશસ્વી પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સતત ઓબીસી સમાજની ઉનતી માટે કાર્યો કર્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઓબીસી



સમાજનું માન સન્માન વધાર્યુ છે. આવનાર દિવસોમાં જે પણ રાજયોમાં ચૂંટણી આવવાની છે તે રાજયોમાં ઓબીસી સમાજ ભાજપના ઉમેદવારોને જીતાડવા મહત્વની ભૂમિકા નિભાવે તેવા પ્રયાસ કરવામાં આવશે. ઓબીસી મોરચા કેન્દ્ર અને રાજય સરકારની યોજનાને દરેક વર્ગના લોકો સુધી પહોંચાડવા તેમજ ગુજરાતમાં ડબલ એન્જિનની સરકારથી જે લાભો પ્રજાને થયા છે તે વાતને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

શ્રી ડો. કે.લક્ષ્મણજીએ વધુમાં જણાવ્યું કે,દેશમાં પહેલા કોંગ્રેસની સરકાર હતી ત્યારે કોંગ્રેસે સતત ઓબીસી સમાજ સાથે અન્યાય કર્યો છે. ઓબીસી સમાજના આરક્ષણ મુદ્દે નહેરુ થી લઇ રાહુલ ગાંધી સુધીના નેતાઓએ વિરોધ કર્યો છે. કોંગ્રેસની સરકારે ઓબીસી સમાજના ઉત્થાન માટે, સમાજના વિકાસ માટે કયારેય કામ કરવાની ઈચ્છા વ્યકત કરી યોગ્ય નિર્ણયો કર્યા નથી. દેશમાં વર્ષ ૨૦૧૪માં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારે ઓબીસી સમાજ માટે કામ કરવાનું શરૂ કર્યુ અને ઓબીસી સમાજને સંવિધાનિક દરજ્જો આપ્યો.કોંગ્રેસની સરકાર ઓબીસી સમાજ સાથે હમેંશા ગદ્દારી કરી છે. ઓબીસી સમાજ માટે કોંગ્રેસની સરકારે ૬૦ વર્ષથી કોઇ કામ ન કર્યુ તે કામ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે કર્યા તે દરેક કામની વિસ્તૃત માહિતી આપી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૨૭ ઓબીસી સમાજના નેતાને મંત્રીમંડળમાં સમાવેશ કરી ઓબીસી સમાજનું ગૌરવ અને માન સન્માન વધાર્યુ. ઓબીસી સમાજના કાર્યકરો આવનાર દિવસમાં દેશભરમાં પ્રવાસ કરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે જે જે કાર્યો કર્યા છે તેની માહિતી વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે. ભાજપ વિકાસ અને કલ્યાણકારી યોજનાઓના મુદ્દે હમેંશા ચૂંટણી લડે છે તો કોંગ્રેસ જાતિવાદના આધારે ચૂંટણી લડે છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ભારત જોડા યાત્રા કરી દેશમા નફરત ફેલાવી રહ્યા છે. રાહુલ ગાંધી ભાજપ અને આર. એસ. એસ માટે ખોટો પ્રચાર કરી રહ્યા છે. રાહુલ ગાંધી ભારત જોડો યાત્રા નહી પહેલા કોંગ્રેસ જોડો યાત્રા કરવી જોઇએ. કોંગ્રેસના નેતાઓ સતત પાર્ટી છોડી રહ્યા છે. ગુજરાત અને કર્ણાટક કે હિમાચલ પ્રદેશમાં ચૂંટણીમાં ઓબીસી મોરચો મહત્વની ભૂમિકા નિભાવશે.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)



‘વિશ્વાસ થી વિકાસ યાત્રા’ અંતર્ગત કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં રાજયના નાગરિકોને ?.૧૧૭૯ કરોડના ૫૧૯ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્તની ભેટ મળી.

શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી સાહેબ તથા ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી સાહેબની ઉપસ્થિતિમાં આ ઐતિહાસિક ક્ષણે હાજર રહેલા મેયરશ્રી હીતેશભાઈ મકવાણા



અમદાવાદ ગોમતીપુરમાં ભાજપ યુવા મોરચાના વોર્ડ પ્રમુખ પવન તોમર ઉપર સાહિલ ઠાકોરે છરી વડે હુમલો કર્યો અને પવન કુમારને શારદાભાઈ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે . કહેવાય છે કે સાહિલ ઠાકોર આમ આદમી પાર્ટી સાથે સંકળાયેલા છે

# જે.એમ. ચૌધરી કેમ્પસમાં જિલ્લા કક્ષાના રમતોત્સવનો શુભારંભ કાર્યક્રમ યોજાયો, હજારોની સંખ્યામાં રમતવીરો જોડાયા

તારીખ- ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૨,

ગાંધીનગર,

૩૬મી નેશનલ ગેમ્સના આયોજન પૂર્વે સમગ્ર ગુજરાતમાં સ્પોર્ટ્સ પ્રત્યે જાગૃતિ વધારવાના શુભાશયથી તમામ કોલેજ અને શાળામાં રમતોત્સવની શરૂઆત કરવામાં આવી છે. જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા કક્ષાનો કાર્યક્રમ શ્રી. જે.એમ. ચૌધરી કોલેજ કેમ્પસમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર દક્ષિણ બેઠકના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગરના માન. મેયરશ્રી હિતેષભાઈ મકવાણા, જે.એમ. ચૌધરી કોલેજના પ્રમુખશ્રી હરીભાઈ ચૌધરી, નાયબ મ્યુનિ. કમિશનરશ્રી ગુણવંતસિંહ સોલંકી, શ્રી કેયૂર જેઠવા તથા કોર્પોરેટરશ્રી ગૌરાંગભાઈ વ્યાસ તેમજ પદમસિંહ ચૌહાણ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનું આયોજન ગાંધીનગર મહાનગરપાલિકા તથા જિલ્લા રમતગમત વિકાસ કચેરીના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમમાં ખેલ મહાકુંભમાં જિલ્લાનું નામ રોશન કરનાર વિવિધ કોલેજ તથા શાળાઓને ચેક તથા ટ્રોફી એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નેશનલ ગેમ્સ એન્થમ તેમજ મેસ્કોટનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તેમજ ઉપસ્થિત તમામે ફીટ ઈન્ડિયાના શપથ લીધા હતા. હજારોની સંખ્યામાં રમતવીરોની ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલ આ કાર્યક્રમમાં વિવિધ રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આમંત્રિત મહેમાનોના હસ્તે ટોસ ઉછાળીને સ્પર્ધાઓની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે માનનીય ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે, રમત એ શરીરની સાથે માનસિક સ્વાસ્થ માટે ખુબ જરૂરી છે. માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા ખેલમહાકુંભ થકી ગુજરાતમાં સ્પોર્ટ્સને નવી દીશા આપવાનું કામ કરવામાં આવ્યું છે અને આજે ગુજરાતને પ્રથમ વખત નેશનલ ગેમ્સનું આયોજન કરવાની તક મળી છે જે ખુબ આનંદની વાત છે. સામાન્ય રીતે નેશનલ ગેમ્સના આયોજન માટે ૪ વર્ષ જેટલો સમય લાગે છે પરંતુ ગુજરાત દ્વારા માત્ર ૩ મહિનાના ટૂંકાગાળામાં સફળ આયોજનનું બીડુ ઝડપવામાં આવ્યું છે તે સૌ માટે ગૌરવની બાબત છે.

# અંબાજી મંદિરમાં પરંપરાગત રીતે પ્રક્ષાલનવિધિ યોજાઇ

### અમદાવાદના સોની પરિવારે માતાજી મંદિરમાં પ્રક્ષાલન વિધિમાં ભાગ લીધો

અંબાજી,

ભાદરવી પૂનમનો મહા મેલો પરિપૂર્ણ થયા બાદ દર વર્ષે યોજાતો પ્રક્ષાલન વિધિ આજે યોજવામાં આવી હતી જેમાં પરંપરાગત રીતે દર વર્ષે આવતા અમદાવાદના સોની પરિવાર દ્વારા અંબાજી માતાજી મંદિરમાં પ્રક્ષાલન વિધિમાં ભાગ લીધો હતો પ્રક્ષાલન વિધિમાં અંબાજી મંદિર અને માતાજીના ગર્ભગ્રહ સાથે શ્રી યંત્ર અને તમામ પ્રકારની પૂજા સામગ્રી સાથે માતાજીના આભૂષણો ની સાફ-સફાઈ અમદાવાદના સોની પરિવાર દ્વારા કરવામાં આવી હતી .સોની પરિવાર દ્વારા કરાતી પ્રક્ષાલન વિધિમાં માતાજીના આભૂષણો ની સાફ સમયે સફાઈ દરમિયાન પડતી ઘટ ને લઈને સોની પરિવાર દ્વારા એક સોનાની પૂતળી આપવામાં આવતી હોય છે.

ભાદરવી પૂનમ મહામેલા દરમિયાન કોઇપણ પ્રકારની અંબાજી મંદિરમાં અપવિત્રતા થઈ હોય તે હેતુથી દર વર્ષે ભાદરવી



પૂનમનો મહામેલો પરિપૂર્ણ થયા બાદ અંબાજી મંદિરની શુદ્ધિકરણ માટે પ્રક્ષાલન વિધિ કરવામાં આવતી હોય છે પ્રક્ષાલન વિધિ માટે અંબાજીના કોટેશ્વર ધામ થી સરસ્વતી નદીના પવિત્ર જલ લાવીને માતાજીના મંદિર સહિત શ્રી યંત્ર અને પૂજક સામગ્રી ની સાફ-સફાઈ કરવામાં આવતી હોય છે પ્રક્ષાલન વિધિ દરમિયાન માતાજીના કોઈપણ આભૂષણોમાં ખોટ પડતી હોય તો સરભર કરવા માટે એક સોનાની પૂતળી આપવામાં આવતી હોય છે આજે આ સોનાની પૂતળી ૧૮૯ નંબરની પૂતળી માતાજીના મંદિરમાં આપવામાં આવી હતી. સોની પરિવાર ૧૮૯ વર્ષ થી પરંપરાગત રીતે પ્રશાલન વિધિ અંબાજી મંદિર માં કરે છે.

પ્રક્ષાલન વિધિ પરિપૂર્ણ થયા બાદ માતાજીના મંદિરને શણગારવામાં આવશે અને સાંજની આરતી અંબાજી મંદિરમાં આશરે રાત્રે ૯:૦૦ વાગે કરવામાં આવશે સાથે આવતી કાલે થી અંબાજી મંદિરમાં દર્શન અને આરતીનો સમય રાબેતા મુજબ રહેશે.

રિપોર્ટર લક્ષ્મણ ઠાકોર અંબાજી

## પાંઉ, પૌરાણા, ખેતાણી પરિવાર દ્વારા ધાર્મિક પ્રસંગોનું આયોજન તથા સ્નેહમીલન

### પરીવારજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ

પાંઉ, પૌરાણા, ખેતાણી પરિવાર ટ્રસ્ટ દ્વારા પૂજ્ય પાવન શ્રી ડુંગરબાપા તથા કુળદેવી શ્રી ભવાનીમાં મંદિર રાણપુર (નવાગામ) મુકામે વિવિધ પ્રસંગોનું આયોજન કરેલ છે. જેના અંતર્ગત આસો શુદ-૮ (આઠમાં નોરતે) તા.૦૩/૧૦/૨૦૨૨, સોમવારના રોજ સાંજે ૫-૦૦ થી ૭-૦૦ કલાકે રાણપુર ગામની બાળાઓને રાસ લેવડાવવાના છે તો આ પ્રસંગે પરિવારને લાભ લેવા આમંત્રણ છે. આ પ્રસંગે રાસ લેનારી રાણપુર ગામની બાળાઓને લાણી સ્વ. શ્રી કાંતિભાઇ લવજીભાઇ ખેતાણી, શ્રી ભીખાભાઇ ડાયાલાલ પાંઉ તરફથી ૧ લાણી તેમજ શ્રી ચેતનભાઇ મનસુખભાઇ ખેતાણી–મુંબઇ, પ્રાન્શુંબેન અમીતભાઇ પાંઉ (કેનેડા) તરફથી એક લાણી અપાશે.

આશો સુદ-દશમ (દશેરા) ના શુભ દિવસે તા. ૦૫-૧૦–૨૦૨૨, બુધવાર, ટ્રસ્ટ દ્વારા શ્રી ભવાનીમાં ની જયોત જગાવવાનો શુભ પ્રસંગ આયોજીત કરેલ છે. જે પરીવારજનોને જયોત જગાવવાની હોય તો તુરંત ટ્રસ્ટનો સંપર્ક શ્રી કિશોરભાઇ પાંઉ મો: ૯૯૯૮૮૬૦૬૨૫ શ્રી અમરભાઇ પાંઉ મો: ૯૦૮૧૦૮૨૮૦૦, ફોન કરી જયોત નોંધાવી દેવાની રહેશે. કુલ ૧૧ જયોત થઇ શકે તેટલી વ્યવસ્થા છે. ૧૧ થી વધારે નામ નોંધાશે નહિં. એક પરીવારમાંથી ફકત ૩ જયોત જગાવવાની જગ્યા થશે. જયોત લખાવનાર પરિવારે રૂ?. ૫૦૦/– ટ્રસ્ટમાં જમા કરાવવાના રહેશે. જે બીજા દિવસે સવારે ઉથાપન વખતે સવારે ૮-૦૦ કલાકે પરત આપવામાં આવશે. ઉથાપનમાં હાજરી આપવી ફરજીયાત છે. અને ઉથાપન વખતે હાજર નહી રહેનાર કુટુંબીજન ના રૂા. ૫૦૦/- ટ્રસ્ટમાં જમા કરી દેવામાં આવશે.(જયોત માટેની વિગત વોટસએપ કરી આપવાની રહેશે.) સામાન્ય રીતે આપણો પરીવાર નવા વર્ષે પૂજ્ય પાવન શ્રી ડુંગરબાપા તેમજ કુળદેવી શ્રી ભવાની માતાના દશનાર્થે જતા હોય છે. દર વર્ષની માફક આ વખતે પરિવારના ટ્રસ્ટ દ્વારા ૧૪ મો સ્નેહમિલન કાર્યક્રમ કારતક સુદ-૪ ને શનીવાર તા.૨૯-૧૦-૨૦૨૨ સમય સાંજે ૫-૩૦ કલાકથી સ્નેહ મીલન તથા મહાઆરતી તેમજ રાત્રે ૦૮-૦૦ કલાકે સ્વરૂચી ભોજનનું પણ આયોજન કરેલ છે તેમાં ટ્રસ્ટના આયોજનને સફળ બનાવવા દરેક પરિવારના સભ્યોની હાજરી આવશ્યક છે. બહારગામ તથા ફોરેનથી આવનારા પરીવારના ભાઈઓ આ પ્રોગામનો પુરેપુરો લાભ લે તથા અચુક હાજરી આપી શકે તથા આપશ્રી રેલ્વે ટીકીટ વહેલા બુકીંગ કરાવી શકો તેના માટે પત્રથી જાણ કરવામાં આવી છે. સર્વે કુટુંબી ભાઇઓને સહ પરીવાર આયોજનનો લાભ લેવા પાંઉ, પૌરાણા, ખેતાણી પરિવાર ટ્રસ્ટ દ્વારા અપીલ કરાઈ છે.

પાંઉ, પૌરાણા, ખેતાણી પરિવાર ટ્રસ્ટના જય શ્રી કૃષ્ણ, જય ભવાની, જય ડુંગરબાપા, જય ગોરધનદાદા



**ગાંધીનગરના નાગરિકોની સુખાકારી માટે મહાનગરપાલિકાની સમગ્ર ટીમ અવિરત કાર્યશીલ છે જેના ભાગરૂપે આજ રોજ "ગાંધીનગર મહાનગરપાલિકાની "સામાન્ય સભા મારી અધ્યક્ષતામાં મળી હતી જેમાં લોક હિતાર્થે કુલ ૧૦ વિષયો ને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી. જેમાં ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રી ડૉ. કુલદીપ આર્યજી કમિશનરશ્રીના ચાર્જમાં હાજર રહ્યા.**

# ચાણસ્મા એસટી ડેપો ને ભાદરવી પૂનમનો મેળો ફળ્યો નવ લાખથી વધુ ની આવક થઈ

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

જગત જનની માં અંબાના દર્શનાર્થે વિવિધ હિન્દુ ધર્મ સહિતના લોકો માતાના ધામે શીશ નમાવવા જતા હોય છે ત્યારે કોઈ પગપાળા તો કોઈ વાહન મારફતે જતા હોય છે ત્યારે સમગ્ર ગુજરાત રાજયમાં પણ વાહન મારફતે જતા હોય છે ત્યારે ગુજરાત રાજયના વિવિધ ડિવિઝનમાંથી એસટી બસો પણ મૂકવામાં આવતી હોય છે ત્યારે ચાણસ્મા ડેપો દ્વારા એસટી બસો મૂકવામાં આવતા ડેપોને નવ લાખથી વધારે આવક થવા પામી હોવાનું જાણવા મળ્યું હતું.

ભાદરવા મેળો શરૂ થતા ની સાથે જ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી જતા શ્રદ્ધાળુ માં થનગનાટ જોવા મળી રહ્યો હોય છે ત્યારે કોઈ શ્રદ્ધાળુઓ પગપાળા જતા હોય છે



તો કોઈ વાહન મારફતે ત્યારે ભાદરવા મહિનાની અગિયારસથી પૂનમ સુધી મહા મેળો ભરવાય છે ત્યારે ગુજરાત ભરમાંથી પણ એસટી બસો દ્વારા શ્રદ્ધાળુઓને સુવિધા પૂરી પાડવામાં આવે છે ત્યારે તારીખ ૫ ,૯, ૦ ૨ ૨ થી૧૧,૯,૦ ૨ ૨ સુધી ચાણસ્મા એસટી ડેપો દ્વારા યાત્રા ધામ અંબાજી જતા શ્રદ્ધાળુઓને આવન જાવનમાં અગવડ ન પડે તે માટે વિવિધ સવલતો પૂરી પાડવામાં આવી હતી ત્યારે ડેપો મેનેજર શ્રી રીટાબેન પ્રજાપતિ દ્વારા જણાવ્યું હતું કે ચાણસ્મા એસટી ડેપો ની બસો દ્વારા કુલ ૪૦૫ ટ્રીપો મારવામાં આવી છે તેમજ ૩૫,૪૦૫ કિલોમીટરનું આવન જાવાનું અંતર કાપવામાં આવ્યું હતું તેમજ અત્રે યોજાયેલ મેળા ની અંદર ચાણસ્મા એસટી ડેપો દ્વારા ૯, ૬૭,૮૩૫ રૂપિયાનું આવક મેળવી હતી.

# શ્રીમતી કે.એ.પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ ચાણસ્મા ખાતે સારસ્વત નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો



### શાળાના આચાર્યશ્રી સોનલબેન પટેલ તથા કું.શોભનાબેન પટેલે વય નિવૃત્ત કર્મચારીની કાર્ય પ્રણાલીની પ્રશંસા કરી હતી

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ચાણસ્મા કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ ચાણસ્માના ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષિકા શ્રીમતી જયોત્સનાબેન કેશવલાલ પટેલ ૩૧ વર્ષની નોકરી પૂર્ણ કરી વય નિવૃત તા.૩૧/૫ /૨૦૨૨ ના રોજ થયા હતા.તેઓનો નિવૃત્તિ સન્માન સમારંભ તા.૧૩/૯/૨૦૨૨ ને મંગળવારના રોજ શારદાબા સંસ્કાર ભવન ખાતે યોજાયો હતો.

સમારોહ ના અધ્યક્ષ સ્થાને ચાણસ્મા કેળવણી મંડળના મંત્રી બચુભાઈ પટેલ,મુખ્ય મહેમાન પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ચાણસ્માના જાગૃતિ દીદી,અતિથિ વિશેષ તરીકે શાળાના પૂર્વ આચાર્ય કું.શોભનાબેન બી.પટેલ ,રાજુભાઇ પટેલ સહિત ઉપસ્થિત રહેલ હતાં.આ પ્રસંગે વય નિવૃત્ત કર્મચારીને શાળા પરિવાર દ્વારા દ્વારા બુકે,શાલ, શ્રીફળ સાકર,પુસ્તક,અને સન્માનપત્ર આપી નિવૃત્તિની શુભેચ્છા પાઠવી હતી.ચાણસ્મા કેળવણી મંડળ દ્વારા પણ સેવા નિવૃત્ત કર્મચારીને બુકે શાલથી સન્માનિત કરી નિવૃત્તિમાં પણ પ્રવૃત્તિમય જીવન જીવવા જણાવ્યું હતું.

વય નિવૃત્ત બહેનશ્રીએ નોકરીના સંસ્મરણો વાગોળ્યા હતા.અને ૧૧૦૦૦/- રૂપિયા નું દાન ચાણસ્મા કેળવણી મંડળને આપ્યું હતું.

શાળાના આચાર્યશ્રી સોનલબેન પટેલ તથા કું.શોભનાબેન પટેલે વય નિવૃત્ત કર્મચારીની કાર્ય પ્રણાલીની પ્રશંસા કરી હતી.તેમનામાં રહેલ ગુણો ,સ્વભાવ, કામ કરવાની કાર્ય પદ્ધતિ વગેરેની ચર્ચા કરી સુખમય જીવન જીવવાની કામના કરી હતી. કાર્યક્રમનું સુંદર અને સફળ સંચાલન મ.શિ.રમેશચંદ્ર લિમ્બાચીયા દ્વારા રજુ થયું હતું. કે.એલ. ચાવડાએ સહકર્મીના સાથે ના સંસ્મરણો રજુ કર્યા હતા.આભાર પ્રસ્તાવ શ્રીમતી ભગવતીબેન આર. પટેલ દ્વારા થઇ હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.